નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :17 JUNE 2024 | MONDAY | Page : 19 | Year : 2 | Issue :68 | Price: 2/-



ભરોસાની ભાજપ હવે ભ્રષ્ટાચારની ભાજપ બની': કોંગ્રેસનો આક્ષેપ

જુઓ પેજ નં.૦૭

# ઈવીએમ હેક થઈ શકેઃ મસ્કના નિવેદનથી ખળભળાટ

## ભારતમાં ઈવીએમ 'બ્લેક બોક્સ' છે અને તેની તપાસ કરવાની કોઈને પણ મંજૂરી નથી : રાહુલ ગાંધી સહિત વિપક્ષના નેતાઓ મેદાનમાંઃ ભારતે સુરક્ષિત ઈવીએમ બનાવ્યા, કોઈ કનેક્ટિવિટી કે નેટવર્ક સાથે જોડાણ નહીં, મસ્કને ટ્યુટોરિયલ આપી શકીએ : રાજીવ ચંદ્રશેખર

નવી દિલ્હી : ભારતમાં લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ભાજપ સ્પષ્ટ બહુમતથી ઘણો દૂર રહ્યો છે અને કોંગ્રેસ ફરી બેઠી થતાં વિપક્ષ મજબૂત બન્યો છે. આવા સમયે હવે ઈવીએમનો મુદ્દો નહીં ઊઠે તેમ લાગતું હતું. બીજીબાજુ અમેરિકામાં પ્રમુખપદના દાવેદાર રોબર્ટ કેનેડીએ પ્યુઅર્ટો રિકોમાં ઈવીએમમાં ગડબડી અંગે ટ્વીટ કરી. તેમની આ ટ્વીટને રી-ટ્વીટ કરતાં દુનિયાના સૌથી ધનિકોમાંના એક અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સના માલિક ઈલોન મસ્કે દાવો કર્યો કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી ઈવીએમ હેક થઈ શકે છે, તેને હટાવવા જોઈએ. મસ્કની ટ્વીટ સાથે જ ભારતમાં ઈવીએમનો મુદ્દો ફરી એક વખત રાજકારણના કેન્દ્રમાં આવી ગયો છે અને વિપક્ષના નેતાઓ રાહુલ ગાંધી તેમજ અખિલેશ યાદવે ઈવીએમનો વિવાદ ઉઠાવ્યો હતો.





ભારતમાં લોકસભા ચૂંટણી પૂરી થઈ ગઈ છે. જોકે, દુનિયાના સૌથી શક્તિશાળી લોકતંત્ર અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી ચાલી રહી છે. આવા સમયે અમેરિકન પ્રમુખપદના ઉમેદવાર રોબર્ટ એફ. કેનેડીની ટ્વીટને શેર કરતાં ઈલોન મસ્કે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, આપણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો ઉપયોગ ખતમ કરી દેવો જોઈએ. માણસ અથવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની મદદથી ઈવીએમના હેક થવાનું જોખમ છે, તે ભલે ઓછું હોય, પરંતુ છે ખરું.

ઈલોન મસ્કે આ ટ્વીટ કરવાની સાથે જ ભારતમાં ફરી એક વખત ઈવીએમ મુદ્દે રાજકારણ ગરમાયું છે. ફરી એક વખત વિપક્ષના ઈન્ડિયા ગઠબંધને ઈવીએમ મુદ્દે અવાજ ઉઠાવ્યો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે ઈલોન મસ્કની ટ્વીટને શેર કરતા જણાવ્યું કે, ભારતમાં ઈવીએમ 'બ્લેક બોક્સ' છે અને કોઈને પણ તેની તપાસ કરવાની મંજૂરી નથી.

અમારી ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે ગંભીર ચિંતાઓ વ્યક્ત કરાઈ રહી છે. સંસ્થાઓમાં જવાબદારીની ઉણપ હોય તો લોકતંત્ર એક દેખાડો બની જાય છે અને છેતરપિંડીની સંભાવના વધી જાય છે.

રાહુલ ગાંધીની સાથે સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવે પણ રવિવારે ઈવીએમ પર તેમનો જૂનો રાગ આલાપવાનું શરૂ કરી દીધું.

# છત્તીસગઢમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં આઠ નક્સલી ઠાર એક જવાન શહીદ, બે ઘાયલ

રાયપુર છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં નક્સલીઓ અને સુરક્ષાદળો વચ્ચે સામસામે ભારે ગોળીબાર થયો હતો. જેમાં આઠ નક્સલીઓ માર્યા ગયા હતા. સાથે જ એક એસટીએફ જવાન પણ શહીદ થયો હતો અને બે ઘાયલ થયા હતા. અબુજમાદ જંગલ વિસ્તારમાં ઓપરેશન દરમિયાન નક્સલીઓ-જવાનો વચ્ચે ગોળીબાર થયો હતો. નક્સલીઓ સામે ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી), એસટીએફ અને આઈટીબીપીની ૫૩મી બટેલિયન તેમજ બીએસએફના જવાનો દ્વારા સંયુક્ત રીતે કુટુલ, ફાસેબેડા અને કોડતામેતા ગામોમાં ૧૨ જૂનના રોજ ઓપરેશન લોન્ચ કરવામાં આવ્યું હતું. આ વિસ્તારને કોર્ડન કરીને સુરક્ષા જવાનો લાંબા સમયથી નક્સલીઓને શોધી રહ્યા હતા. એવા સમયે જ નક્સલીઓએ બાદમાં બહાર નીકળીને સુરક્ષાદળો પર ગોળીબાર કરી દીધો હતો. જોકે નક્સલીઓ તરફથી બાદમાં ગોળીબાર બંધ થઈ ગયો હતો. તેથી તપાસ કરાતા આઠ નક્સલીઓના મૃતદેહો મળી આવ્યા હતા.

સાથે જ ઈન્સેસ રાઈફલ, .303 રાઈફલ, ગ્રેનેડ લોન્ચર અને અન્ય હથિયારો તેમજ માઓવાદી સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન એસટીએફનો એક જવાન પણ શહીદ થયો હતો અને બે ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ જ મહિનામાં પાંચ તારીખે નારાયણપુરમાં છ નક્સલીઓને ઠાર કરાયા હતા.

# કાશ્મીરની જેમ જમ્મુમાં પણ થશે આતંકીઓનો સફાયો!

સામના મિરર, સંવાદદાતા

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓના આડેધડ ગોળીબાર અને હુમલાઓમાં વધારો થયા બાદ કેન્દ્ર સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ સુરક્ષા બનાવવા માટે આજે (૧૬ જૂન) નવી દિલ્હીમાં હાઈલેવલ બેઠક યોજાઈ હતી, જેમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર () અજિત ડોભાલ અને ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા.





આ દરમિયાન અમિત શાહે એજન્સીઓને આદેશ આપ્યો છે કે, તેઓ કાશ્મીરનો એરિયા ડોમિનેશન પ્લાન અને ઝીરો ટેરર પ્લાનનો ઉપયોગ જમ્મુમાં પણ કરે. ગૃહમંત્રાલયે બેઠક અંગે વધુ વિગતો આપતા કહ્યું કે, ગૃહમંત્રીએ ભારપૂર્વક કહ્યું છે કે, મોદી સરકાર આતંકવાદી ()ઓનો ખાતમો કરવા નવી રીતોનો ઉપયોગ કરી એક મિસાલ કાયમ કરવા પ્રતિબદ્ધ છે. આ ઉપરાંત તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને મિશન મોડમાં કામ કરવા અને સંકલિત રીતે ઝડપી પ્રતિસાદ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. ગૃહમંત્રીએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ સામેની લડાઈ તેના નિર્ણાયક તબક્કામાં છે.

તાજેતરની ઘટનાઓ દર્શાવે છે કે, અગાઉ આતંકવાદીઓ સંગઠન બનાવીને હિંસાને અંજામ આપતા હતા, હવે તેઓ છળકપટ કરીને પ્રોક્સી યુદ્ધ કરી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, અમે આતંકવાદને જડમૂળથી દૂર કરવા પ્રતિબદ્ધ છીએ. આ માટે અમે સુરક્ષા એજન્સીઓ સાથે મળીને કામ કરવા, સંવેદનશીલ વિસ્તારોને ઓળખવા અને આવા વિસ્તારોમાં સુરક્ષાની ચિંતાઓને દૂર કરવા તરફ ધ્યાન આપી રહ્યા છીએ.

ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ( )ના નેતૃત્વમાં આતંકવાદ વિરુદ્ધ ઝીરો ટૉલરેન્સની નીતિનો ઉલ્લેખ કરતા અમિત શાહે કહ્યું કે, કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને જળમૂળથી ખતમ કરવા માટે કોઈપણ કસર નહીં છોડે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# કોમોડિટી માર્કેટ કરામત




કેન્દ્ર સરકાર દેશના તમામ આર્થિક સંસ્થાનો પર પોતાનો સંપૂર્ણ કાબુ ચાહે છે. કેન્દ્રએ શેરબજાર ઉપરાંત હવે કોમોડિટી બજારનું નિયમન પણ એકાએક સેબીને સોંપી દીધું છે. સેબીનું મુખ્ય કામ રોકાણકારોને આકર્ષવા ઉપરાંત તેઓના હિતની સુરક્ષાનું પણ છે. સેબીને કોમોડિટી બજારની પ્રેક્ટિસ ઓછી છે એટલે એનો ગેરલાભ લેનારા લોકો પણ બજારમાં છે. સેબીએ રાતોરાત દેશની કોમોડિટી બજારમાં હસ્તક્ષેપ કરીને સંખ્યાબંધ માળખાગત ફેરફારો કર્યા છે. સેબીએ દેશના કોમોડિટી માર્કેટમાં સંસ્થાગત રોકાણકારોને આકર્ષવાના પણ અનેક કીમિયા પ્રસ્તુત કર્યા છે. સેબીનો આ ખેલ જો ચાલી જાય તો ધાતુઓ અને કેટલીક કૃષિ પેદાશોના ભાવ અને ઉત્પાદકોનો નફો ઊંચે જશે. પરંતુ કોમોડિટી માર્કેટમાં સેબીની વેરહાઉસ સમજણ ઝિરો ડિગ્રી એન્જોય કરે છે એને કારણે વચેટિયા અધિકારીઓ મોટા કૌભાંડો આચરતા થયા છે.

સેબીએ હવે કોમોડિટી એક્ષચેન્જ ચલાવવાના નિયમોમાં ધરખમ પરિવર્તનો કર્યા છે અને ઉતાવળે જાહેર કરેલા નિયમો દ્વારા બોમ્બે અને નેશનલ-બન્ને સ્ટોક એક્ષચેન્જને હવે કોમોડિટી એક્ષચેન્જ ચાલુ કરવાનો સંકેત પણ કર્યો છે. એની સામે અત્યાર સુધી માત્ર કોમોડિટીમાં વ્યસ્ત એમસીએક્સ અને એનસીડિક્સને પણ શેરબજારમાં ઝંપલાવવા આહવાન આપ્યું છે. આ બહુ મહત્ત્વના ફેરફારો છે જેના તરફ હજુ સામાન્ય રોકાણકારનું ધ્યાન ગયું નથી. આના પરથી સમજી શકાય છે કે ભારત સરકાર આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓને કોમોડિટી બજારમાં રોકાણ કરવાની મંજુરી આપવાનો ગુપ્ત એજન્ડા ધરાવે છે. સેબીના હસ્તક્ષેપ પછી દેશની કોમોડિટી બજારમાં ટ્રેડિંગનું વોલ્યુમ વધી રહ્યું છે અને હજુ વધશે. કેન્દ્ર સરકારની મંજુરીથી ક્રૂડ ઓઇલનું ઓપ્શન કામકાજ એમસીએક્સ ઉપર શરૂ થઇ ગયું છે, સરકારે સિલ્વર અને કોપરમાં પણ ઓપ્શનની શરૂઆત કરાવી છે.


જે ખરા ખેલાડીઓ છે એ આ પ્રકારની હવે ઊઘાડ પામતી કોમોડિટી બજારમાં ફાવી જવાના છે. એક રીતે જુઓ તો જ્યારે સેબીની શરૂઆત થઈ ત્યારે પણ શેર બજારને કષ્ટ પડયું હતું પરંતુ આજે તો સેબી જ રોકાણકારોના અસલી માઈબાપ છે. કોમોડિટીમાં પણ આગળ જતાં સેબીની ભૂમિકા ઉદ્ધારક તરીકેની સાબિત થશે એમાં કોઈ શંકા નથી. સેબીના માથે આવી પડેલી નવી કોમોડિટી નિયમનની જવાબદારીમાં સેબીએ ધરખમ ધ્યાન આપવું પડશે નહિતર શેરબજારનો એનો યશ અહીં અપયશ બનતા વાર નહિ લાગે. કારણ કે અત્યારે જ એનસીડિક્સમાં ડિલિવરી લેનારાઓને હલકો માલ પધરાવવામાં આવે છે. જે રીતે મગફળીના ગોડાઉનોની એક રીંગ બની ગઈ છે અને એક સામાન્ય માચિસની મદદથી કરોડોની ઉથલપાથલ સમગ્ર રાજ્ય અવારનવાર જોઈ રહ્યું છે તે જ રીતે કોમોડિટીમાં હલકા માલો ડિમેટ કરાવનારી એક રીંગ ચાલી રહી છે. છેલ્લા સાત-આઠ મહિનામાં ધાણાના વાયદામાં જે કંઇ પરાક્રમ ખેલાડીઓએ રીંગ બનાવીને કર્યું છે તેને કારણે ધાણાના હજારો ખેડૂતો અને રોકાણકારો ધોવાયા છે.

આવી બાબતોમાં સેબીને જો ભાન નહિ પડે તો કોમોડિટી બજારના બે નંબરી મગરમચ્છો એમની અજબ ગજબ ગોડાઉન લીલાથી સેબીને અહીં ઘોળીને પી જશે. સેબી પાસે નાણાં મંત્રાલયથી પણ કેટલીક વિશેષ સત્તાઓ છે જે બેન્કો પાસે પણ નથી. એટલે સેબી જ્યાં તંબુ તાણે ત્યાં એના નિષ્ફળ જવાના ચાન્સ ઓછા હોય છે પરંતુ કોમોડિટી માર્કેટના સંખ્યાબંધ કિસ્સાઓમાં ડિલિવરીમાં જૂના રદ્દી માલ પધરાવવાની જે વ્યવસ્થિત કાવતરાબાજી ચાલે છે એમાં સેબીના અધિકારીઓની ચાંચ ક્યારે ડૂબશે તે એક કાયડો છે. એ તો સ્પષ્ટ જ છે કે કેન્દ્ર સરકારે જેટલીવાર ખેડૂતોની આવક ડબલ કરવાની વાત કહી છે તેટલી વાર ખેડૂતોની આવક ઘટતી જ ગઈ છે. ડબલ આવક એમ કોઈ જાદુ તો નથી.

# પૂરા ગુજરાતમાં એક માત્ર રાજકોટ ખાતે એકવા યોગાનું આયોજન

## રેસકોર્સ, નાનામવા ચોક, ગ્રીનલેન્ડ સહિત પાંચ જગ્યાએ તા.૨૧ના યોગ દિવસની ઉજવણી કરાશે

- **સાંસદ રૂપાલા, ધારાસભ્ય ટીલાળા, મનપા પદાધિકારીઓ, સંસ્થાઓ વચ્ચે મીટીંગમાં આયોજન જાહેર ગાંધી મ્યુઝીયમ અને મહિલા સ્વીમીંગ પુલ ખાતે પણ કાર્યક્રમ મનપાનું આયોજન**



રાજકોટ, તા. ૧૭

પૂરા વિશ્વ અને દેશની સાથે તા.૨૧ જુનના રોજ મહાપાલિકા દ્વારા દર વર્ષની જેમ પાંચ સ્થળે તમામ શહેરીજનો માટે યોગ દિવસ ઉજવવા આયોજન કરાયું છે. ગઇકાલે સાંસદ, ધારાસભ્ય, મેયર સહિતના પદાધિકારીઓની હાજરીમાં મીટીંગમાં કાર્યક્રમ ફાઇનલ કરાયો હતો.

વિશ્વ યોગ દિન નિમિતે શહેરમાં કુલ પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં (૧) સેન્ટ્રલ ઝોન, રેસકોર્ષ મેદાન, (૨) વેસ્ટ ઝોન, નાનામવા ચોક ખાતેનું મેદાન, (૩) ઈસ્ટ ઝોન, ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ, (૪) મહાત્મા ગાંધી મ્યુઝિયમ અને (૫) જીજાબાઈ સ્વિમિંગ પુલનો સમાવેશ થાય છે.

આ વર્ષે પણ રાજકોટ મનપા દ્વારા તા.૨૧મી જુન વિશ્વ યોગ દિવસ નિમિતે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ છે.

ગઈકાલની મીટીંગમાં સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, ડે.કમિશ્નર સ્વપિનલ ખરે અને હર્ષદ પટેલ, કોર્પોરેટરો, સમિતિના ચેરમેનો, સંસ્થાના પ્રતિનિધિઓ, અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં મેયરે કહ્યું હતું કે, આપણે ત્યાં એ ખુબ જાણીતી ઉક્તિ છે કે, યોગ ભગાડે રોગ, પહેલું સુખ તે જાતે નર્યા, દવાથી જે રોગ ન મટે તે યોગથી મટે, યોગ માનવ જાતને આપણી રૂષિ પરંપરા વખતથી મળેલી એક અણમોલ ભેંટ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આજે આખું વિશ્વ ૨૧ મી જૂનનો દિવસ આંતરરાષ્ટ્રીય યોગ દિન તરીકે ઉજવે છે. પૂરા શહેરના લોકોને યોગ દિનમાં જોડાવવા તેમણે અનુરોધ કર્યો છે. આ મીટિંગમાં પરસોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, યોગ એ સૈકાઓથી આપણો પ્રાચીન વારસો રહ્યો છે, તેને સમગ્ર વિશ્વ કક્ષાએ ઉજાગર કરવાનો પ્રયત્ન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે. અત્યારે સમગ્ર વિશ્વ યોગ દિને યોગ કરી આપણી સાથે જોડાય છે જેનું ઉત્તમ ઉદાહરણ ગયા વર્ષે આપણે જોઈ લીધું. સમગ્ર ગુજરાતમાં માત્ર રાજકોટ ખાતે એક્વા યોગાનું આયોજન કરવામાં આવે છે જે સુંદર પ્રયાસ છે. યોગ કાર્યક્રમમાં માત્ર હાજરી આપીએ એટલું જ નહી વાસ્તવમાં આપણા રોજિંદાં જીવનમાં પણ યોગ અપનાવીએ અને નીરોગી બનીએ. તેમણે આયોજન બદલ મનપાને અભિનંદન આપ્યા હતા.

સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકરે કયું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વમાં યોગનો ફેલાવો કરવામાં નિર્ણાયક ભૂમિકા નિભાવી છે. વધુ ને વધુ લોકો યોગ અપનાવી રહ્યા છે જેમાં મનપા દ્વારા પણ ઝોન કક્ષા, મહાત્મા ગાંધી મ્યુઝિયમ અને જીજાબાઇ સ્નાનાગાર ખાતે મહત્તમ લોકો જોડાય તે પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભાગ લેનાર તમામને સર્ટીફિકેટ આપવામાં આવશે. આ મીટિંગમાં સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ સ્વાગત અને આભાર વિધિ તથા ડે.કમિશ્નર હર્ષદ પટેલે આયોજનની રૂપરેખા આપી હતી.

આ મીટિંગમાં આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્માકુમારી, પતંજલિ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, રાષ્ટ્રીય શાળા, સ્વ-નિર્ભર શાળા, સ્પોટ્‌ર્સ કાઉટ, બીઈંગ કાઈન્ડ ફાઉન્ડેશન, નવશક્તિ સ્કૂલ, જીજાબાઈ સ્વિમિંગ પુલ, ભારત વિકાસ પરિષદ, વિશ્વ હિન્દુ પરિષદ, મેંગો પીપલ પરિવારના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની યુવતી સાથે ખોટા લગ્ન કરી ધર્મસ્વરૂપદાસ સ્વામીએ વારંવાર દુષ્કર્મ આચર્યું

## વડતાલના સ્વામીએ ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલ્યા બાદ મિત્રતા કેળવી બાદમાં પોત પ્રકાશ્યું, ત્રણેય આરોપી ફરાર





રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ખીરસરા ગામે સ્વામિનારાયણ ગુરુકુળના ધર્મસ્વરૂપદાસ સ્વામીએ ફેસબુક મારફત યુવતી સાથે મિત્રતા કેળવી પ્રેમજાળમાં ફસાવી ખોટા લગ્નનું નાટક કરી તેની સાથે અવારનવાર ઇચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધી યુવતીને સગર્ભા બનાવી હતી. જે બાદ ધર્મસ્વરૂપદાસ સ્વામીએ હોસ્ટેલના સંચાલક મયૂર કાસોદરિયા સાથે પ્રેગ્નન્સી કિટ અને ગર્ભપાતની દવા મોકલાવી યુવતીની ઇચ્છા વિરુદ્ધ ગર્ભપાત કરાવ્યો હતો. આ ઘટના અંગે યુવતીએ રાજકોટના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ આ ઘટના ખીરસરા (ઘેટિયા) ગામમાં બની હોવાથી ભાયાવદર પોલીસે ફરાર ધર્મસ્વરૂપદાસ સ્વામી, નારાયણ સ્વરૂપદાસ સ્વામી અને હોસ્ટેલ સંચાલક મયૂર કાસોદરિયાને ઝડપી લેવા કવાયત શરૂ કરી છે.

રાજકોટ શહેરમાં રહેતી ૩૦ વર્ષીય યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા એક ભાઈ અસ્થિર મગજના છે. ગત તા.૨૫.૧૨.૨૦૨૦ના રોજ ઉપલેટા તાલુકાના ખીરસરા ગામે સ્વામિનારાયણ ગુરુકુળ આવેલ છે, ત્યાં રહેતા ધર્મસ્વરૂપદાસ સ્વામીએ મને ફેસબુકમાં ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. મેં તેમનું પ્રોફાઇલ જોઇને રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી હતી અને ત્યારબાદ આ ધર્મસ્વરૂપદાસ સ્વામી મારી સાથે ફેસબુકમાં અને વ્હોટ્સએપમાં વાતચીતો કરતા અમારી વચ્ચે મિત્રતા થઈ હતી. ત્યારબાદ તેમણે મને રૂબરૂ મળવા બોલાવતા હું ફેબ્રુઆરીમાં સ્વામીને મળવા માટે ખીરસરા ગામે ગઈ હતી. ત્યારે હું અરણી ગામના બસ સ્ટેશનમાં ઊતરતા મયૂર કાસોદરિયા મને લેવા આવ્યો હતો, જેને સ્વામીએ મોકલ્યો હતો. આ મયૂર મને ગુરુકુળમાં લઈ ગયો હતો. મને પહેલેથી જ ધર્મસ્વરૂપદાસ સ્વામીએ કીધેલું હતું કે, ગુરુકુળમાં ગેસ્ટરૂમ આવેલ છે તો તમે ત્યાં જ જતાં રહો હું તમને ત્યાં મળીશ.

આથી હું ત્રીજા માળે આવેલા ગેસ્ટરૂમમાં ગઈ ત્યારે આ ધર્મસ્વરૂપદાસ સ્વામી ત્યાં હાજર જ હતા. તે દરમિયાન તે મારી સાથે વાતો કરવા લાગ્યા અને મને આશ્વાસન આપી અને મને ખોટી હમદર્દી બતાવીને ભેટી પડ્યા હતા અને બીભત્સ હરકતો કરવાની કોશિશ કરતા મેં તેનો પ્રતિકાર કર્યો હતો. ત્યારબાદ તેમણે મારી સાથે લગ્નની વાત કરી હતી અને મને વાતમાં ફસાવી છેતરીને ખોટી રીતે મારી સાથે ત્યાં ગેસ્ટરૂમમાં જ લગ્ન કર્યા હતા. પછી મને કહ્યું કે, હવે હું તારો કાયદેસરનો પતિ કહેવાવ, જેથી હવે તારા ઉપર મારો હક્ક છે. તે રાતે આ ધર્મસ્વરૂપદાસ સ્વામીએ મારી ઇચ્છા વિરુદ્ધ મારી સાથે પરાણે શરીર સંબંધ બાંધ્યો હતો અને કહ્યું હતું કે, આપણાં લગ્ન થઇ ગયાં છે તે વાત તું કોઇને કહેતી નહિ. આપણે સમાજમાં કાયદેસર લગ્ન ન કરી શકીએ, આપણે સાધુ-સાધ્વી થઈને સાથે રહેવાનું છે. આ પછી સવારના ૫ વાગ્યે હું ગુરુકુળથી બસ સ્ટેશન ગઈ હતી અને બસ આવતા હું રાજકોટ મારા ઘરે આવતી રહી હતી. આ વાત ઘરે મેં કોઇને કરી નહોતી. ત્યારબાદ હું અઠવાડિયાના ગાળામાં બે વખત આ સ્વામીને મળવા માટે ગઈ હતી. સ્વામીએ મને લલચાવી કહ્યું કે, સેવાચાકરી કરવાની છે.

આ વખતે મારે ધર્મસ્વરૂપદાસ સ્વામી સાથે સાધ્વી થવા બાબતેની વાતચીત થઈ હતી. જે વાત મેં ઘરે જઈને મારા પરિવારને સાધ્વી બનવા અંગેની કરી હતી. ત્યારબાદ હનુમાન જયંતીના દિવસે હું અને મારાં પરિવારજનો ખીરસરા ગામે ગયા હતા અને ત્યાં સ્વામીને મળી સાધ્વી થવા અંગેની વાતચીત કરી હતી. જ્યાં આ ધર્મસ્વરૂપદાસ સ્વામીએ મને કંઠી પહેરાવી અને દીક્ષા અપાવેલ હતી. દીક્ષા બાદ ખીરસરાથી ટીંબડી ગામમાં આવેલી ગર્લ્સ હોસ્ટેલ મને એક રૂમ આપ્યો હતો, જ્યાં હું રોકાયેલ હતી.

બીજા દિવસે સવારે મેં હોસ્ટેલના સંચાલકને કહ્યું કે, મારો પરિવાર ખીરસરા ગુરુકુળમાં રોકાયેલ છે, તો હું છેલ્લી વાર તેને મળવા માગું છું. આ બહાનું બતાવવા મને સ્વામીએ કહ્યું હતું. જેથી હોસ્ટેલના સંચાલક મયૂર કાસોદરિયા કે જે સ્વામીનું બધું જાણતો હોતો અને સ્વામીને મદદ કરતો હતો. આ મયૂર કાસોદરિયા મને ખીરસરા ગુરુકુળ મૂકવા આવ્યો, જ્યાં હું સ્વામીને મળી અને ત્યાં જ રાત રોકાઈ હતી.

# દ્વારકાના દરિયા કિનારેથી 20 કરોડની કિંમતના વધુ 40 પેકેટ મળ્યા

■ **પોલીસ-સુરક્ષા એજન્સીઓ સ્તબ્ધ સતત તપાસ**



જામખંભાળિયા,તા.૧૭

દ્વારકા નજીકના દરિયાકાંઠેથી ગત શુક્રવારે રૂ.૧૬ કરોડથી વધુની કિંમતના ૩૨ જેટલા ચરસના પેકેટ મળી આવ્યા બાદ ચાર દિવસમાં વધુ ૨૧ પેકેટ ચરસનો જથ્થો બિન વારસુ મળી આવ્યો હતો. આ વચ્ચે આજે પણ આશરે ૪૦ જેટલા પેકેટ મળી આવતા ભારે ચર્ચા જાગી છે.છેલ્લા આશરે એકાદ સપ્તાહથી દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર દ્વારકા વિસ્તારના દરિયાકાંઠામાં સઘન પેટ્રોલિંગ, ચેકિંગ તેમજ સર્ચ ઓપરેશન જારી રાખવામાં આવ્યું છે. આ વચ્ચે જાણવા મળતી વિગત મુજબ દ્વારકા તાબેના વાંચ્છું ગામ વિસ્તારમાં આવેલા દરિયા કિનારા પાસે ચરસનો કેટલોક જથ્થો પોલીસને સાંપડ્યો છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આશરે ૪૦ પેકેટનો આ જથ્થો દરિયાકાંઠા વિસ્તારમાં બિનવારસુ હાલતમાં પડ્યો હતો. જેનો કબજો પોલીસે મેળવ્યો છે. ઝડપાયેલા આ ચરસની કિંમત રૂ.૨૦ કરોડ ઉપર અંદાજવામાં આવી રહી છે. આમ, છેલ્લા એક સપ્તાહ દરમિયાન બિનવારસુ રીતે મળી આવેલા ચરસના આશરે ૧૦૦ જેટલા પેકેટની કિંમત ૫૦ કરોડ સુધી થવા જાય છે.આજરોજ દેવભૂમિ દ્વારકા પોલીસને સાંપળેલા આશરે વીસેક કરોડની કિંમતના નશાકારક પદાર્થની ફોરેન્સિક તપાસ તેમજ વજન સહિત વિવિધ બાબતે ચકાસણી ચાલી રહી છે. જેની બીજી સત્તાવાર વિગતો આજે સાંજ સુધીમાં પોલીસ તંત્ર દ્વારા જાહેર કરવામાં આવશે.

આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના વડપણ હેઠળ એસ.ઓ.જી., એલ.સી.બી. તેમજ મીઠાપુર પોલીસ દ્વારા વિવિધ દિશાઓમાં કામગીરી કરવામાં આવી રહી છે.ત્યારે દેવભૂમિ દ્વારકા તેમજ કચ્છના દરિયાકાંઠે પણ મળી આવતા વ્યાપક પ્રમાણમાં ડ્રગ્સ (ચરસ)ના આ જથ્થા સંદર્ભે પોલીસ તંત્રમાં પણ દોડધામ સાથે સ્થાનિકોમાં ભારે ચર્ચામાંથી જવા પામી છે. જે અંગે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ - તજવીજ હાથ ધરાઈ છે.

# ૧ જુલાઈથી આઈપીસી નહીં, બીએનએસ બોલશે પોલીસ મહોદય!

## ૧ જુલાઈથી પુરા દેશમાં કાયદાની નવી ભાષા–પરિભાષાનો અમલ થશે હવે આઈપીસી (ઈન્ડિયન પીનલ કોડ) નહીં, બીએનએસ (ભારતીય ન્યાય સંહિતા) શબ્દોનો ઉપયોગ થશે પોલીસે એક એપ તૈયાર કરી છે, જે ભારતીય ન્યાય સંહિતાની એક કલીકથી સ્ક્રીન પર જાણકારી આપશે

નવી દિલ્હી,તા.૧૫

૧ જુલાઈથી દિલ્હી સહિત પૂરા દેશમાં કાયદો પોતાની નવી ભાષા અને પરિભાષાની સાથે બહાર આવશે. બ્રિટીશ કાળમાં સન ૧૮૬૦માં અંગ્રેજોએ પોતાની સુવિધા અનુસાર જે આઈપીસી (ઈન્ડીયન પીનલ કોડ)ને લાગુ કરી હતી તેનાથી લગભગ છુટકારો મળી જશે.

તો હવે આઈપીસી નહીં, બલકે બીએનએસ (ભારતીય દંડ સંહિતા) બોલશે, પોલીસ તંત્રના મહોદયો! એફઆઈઆરની હેડલાઈનની સાથે સેકશન, ડીઝીટલ, ફોરેન્સીક તપાસની રીતભાતો પણ બદલી ચૂકયા છે.

લગભગ એક વર્ષથી દિલ્હી પોલીસના જવાન અલગ અલગ ફેઝમાં દિલ્હીની ચાર જગ્યાએ આ નવા કાનૂનની પાઠશાળામાં અભ્યાસ કરી ટ્રેન્ડ થઈ રહ્યા હતા. આ સ્થિતિમાં પોલીસ પુરી તૈયારીના અંતિમ તબકકામાં છે.

ગુરુવારે દિલ્હીના પોલીસ સ્ટેશનમાં નવી એફઆઈઆરની ડમી અને તેને નોંધવાના રિહર્સલ પણ થઈ ચૂકયા છે. સાથે સાથે દિલ્હી પોલીસની પોતાના જવાનો માટેની પોતાની એક એપ પણ તૈયાર કરી છે જે બદલાયેલા કાયદાની જોગવાઈઓની સાથે સાથે ભારતીય ન્યાય સંહિતાની એક કલીકથી સ્ક્રીન પર જાણકારી આપશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે આ એપ ૧ જુલાઈથી લોન્ચ થશે.

પોલીસ પોતાના ૧૫000થી વધુ જવાનોને નવા કાયદાથી પુરી રીતે ટ્રેઈન્ડ કરાવ્યા છે તેમાં એસએચઓ, ઈન્સ્પેકટર, સબ ઈન્સ્પેકટર, એએસઆઈ રેન્કના જવાન સામેલ છે.

તેમને એપની ટેકનીકથી સજજ તો રાખવામાં આવશે, સાથે સાથે ક્રાઈમ સીનની વિડીયોગ્રાફી, ઓડીયો રેકોર્ડીંગ, ફોટોગ્રાફીમાં પણ પારંગત થશે. નવા કાયદાની સાથે જ ડિઝીટલ પુરાવા પર વધુ જોર અપાયું છે.

### હવે આ ધારાઓથી ઓળખવામાં આવશે સીરિયસ ક્રાઈમ

- રેપ અને પોકસો બીએનએસ ૬૫ અને ૪ પોકસો (ઓછામાં ઓછી ૨૦ વર્ષની સજા કે આજીવન કારાવાસ-દંડ)
- હત્યા બીએનએસ ૧0૩(૧) મૃત્યુદંડ અથવા આજીવન કારાવાસ.
- મોબ લીંચીંગ બીએનએસ ૧0૩ (૨) પાંચથી વધુ લોકોનું જૂથ મળીને જાતિ ધર્મ, સંપ્રદાય, ભાષાને લઈને હત્યા કરે છે, એવા ગ્રુપના દરેક સભ્યના દોષિત સાબિત થવા પર મૃત્યુદંડ કે આજીવન કારાવાસની સજા.
- કિડનેપીંગ બીએનએસ ૧૩૭- ઓછામાં ઓછી સાત વર્ષ અને એથી વધુ સજા અને દંડ પણ.
- સ્નેચિંગ બીએનએસ ૩0૪- ઓછામાં ઓછી ત્રણ વર્ષની સજા અને દંડ.
- અકસ્માતમાં મોત બીએનએસ ૧0૬(૨)- વધુમાં વધુ ૧0 વર્ષની સજા અને દંડ.

# અડદની દાળ, તુવેર, ચણાના ભાવ ઘટવા આશા

## આયાત વધશે– સારા વરસાદની આશા જુલાઈથી રાહત સંગ્રહખોરી થવા નહીં દેવાય



નવી દિલ્હી.તા.૧૭

કેન્દ્રીય ઉપભોકતા બાબતોના સચીવ નિધિ ખરેએ શુક્રવારે કહ્યું હતું કે તુવેર, ચણા અને અડદની દાળના ભાવ જુલાઈથી ઘટે તેવી શકયતા છે. ચોમાસું સારું રહેવાની ધારણા છે અને આયાત પણ વધશે તેને કારણે ભાવ ઘટશે. ભાવવધારા અંગે ગભરાટની જરૂર નથી.

સચીવે કહ્યું હતું કે, આવતા મહિનેથી આ ત્રણ કઠોળની આયાત વધશે જેને કારણે પણ સ્થાનિક બજારમાં સપ્લાય વધશે. છેલ્લાં છ મહિનાથી તુવેર, ચણા, અડદ દાળના ભાવ સ્થિર છે પણ ઉંચા છે. મગની દાળ અને મસુરની દાળના ભાવમાં સ્થિતિ સારી છે. ૧૩ જૂનના રોજ ચણાની દાળના સરેરાશ રિટેલ ભાવ કિલોગ્રામ દીઠ રૂા.૮૭.૮૪ હતા.

તુવેર દાળના ભાવ કિલોગ્રામ દીઠ રૂા.૧૬0.૭૫ હતા, અડદની દાળના ભાવ કિલોગ્રામ દીઠ રૂા.૧૨૬.૬૭ હતા. મગની દાળના ભાવ કિલોદીઠ રૂા.૧૧૮.૯ હતા અને મસુર દાળના ભાવ કિલોદીઠ રૂા.૯૪.૩૪ હતા. ઉપભોકતા બાબતોનું મંત્રાલય મહત્વના ૫૫0 સેન્ટર ખાતેથી રિટેલ ભાવ મેળવે છે.

ખરેએ કહ્યું કે તુવેર, અડદ અને ચણાની દાળના ભાવ આવતા મહિનાથી ઘટવાની સંભાવના છે. કારણ કે ત્યાં સુધીમાં વરસાદ પણ સારો પડવાનું શરૂ થઈ ગયું હશે. તેમણે કહ્યું કે કઠોળનું વાવેતર પણ નોંધપાત્ર વધવાની સંભાવના છે. બજારમાં ઉંચા ભાવ હોવાથી ખેડુતો વાવેતર વધારશે. સરકાર પણ ખેડુતોને બિયારણ પહોંચાડવા પ્રયાસ કરી રહી છે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે સ્થાનિક બજારમાં કઠોળના ભાવ કાબુમાં રહે તે માટે સરકાર તમામ જરૂરી પગલાં લેશે. સરકારે ભારત ચણા દાળ કિલોગ્રામ દીઠ રૂા.૬0ના ભાવથી વેચવાનું શરૂ કર્યું છે. જેનાથી સામાન્ય માણસને રાહત થશે.

ગત નાણાકીય વર્ષમાં ભારતે ૮ લાખ ટન તુવેર દાળની આયાત કરી હતી અને ૬ લાખ ટન અડદની દાળની આયાત કરી હતી. મ્યાનમાર અને આફ્રિકન દેશોમાંથી મોટાભાગે આ આયાત થાય છે. આયાત માટે વૈશ્વિક સપ્લાયર્સ સાથે પણ મંત્રાલય સતત સંપર્કમાં હોવાનું સચીવે કહ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક રિટેલર્સ, હોલસેલર્સ અને મોટી રિટેલ ચેઈનના પણ સંપર્કમાં છે જેથી કયાંય મોટી સંગ્રહખોરી ન થાય.

# ટ્રાઈની સ્પષ્ટતા વધુ સિમ લેવા માટે ચાર્જ વસૂલવાની માત્ર અફવા

નવી દિલ્હી તા ૧૭

ટેલિકોમ રેગ્યુલેટર  એ નવા નંબરિંગ પ્લાન અંગે તાજેતરમાં રજૂ કરેલા તેના કન્સલ્ટેશન પેપર પર સ્પષ્ટતા આપી છે. ટ્રાઈએ એક પ્રેસ રિલીઝ જારી કરીને ગ્રાહકો પાસેથી એક કરતાં વધુ સિમ અને નંબરિંગ રિસોર્સ ધરાવવા માટે ચાર્જ વસૂલવાની અટકળોને ફગાવી દીધી છે. ટ્રાઈએ કહ્યું કે કેટલીક મીડિયા સંસ્થાઓમાં આવા અહેવાલો આવ્યા છે. જે મુજબ ટ્રાઈએ મોબાઈલ અને લેન્ડલાઈન નંબર રાખવા માટે ફી વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેથી આ સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાય. ટ્રાઈએ કહ્યું કે આવી અટકળો ખોટી અને લોકોને ગેરમાર્ગે દોરનારી છે. આ સાથે ટેલિકોમ્યુનિકેશન વિભાગે સોશિયલ સાઈટ પર લખ્યું છે.

ટ્રાઈએ એમ પણ કહ્યું છે કે કન્સલ્ટન્ટ પ્રક્રિયા પારદર્શિતાના સિદ્ધાંત પર આધારિત છે. વાસ્તવમાં, ૬ જૂનના રોજ, ટ્રાઈ દ્વારા લોકોના અભિપ્રાય માટે એક કન્સલ્ટેશન પેપર આગળ મૂકવામાં આવ્યું હતું. નેશનલ નંબરિંગ પ્લાનથી સંબંધિત આ પેપરમાં દેશના ૧.૨ બિલિયન મોબાઈલ ફોન કનેક્શન્સ માટે નવા ફોન નંબર માટે ટકાઉ પૂલ બનાવવાનો ઉલ્લેખ હતો. વર્ષ ૨00૩માં ટેલી વિભાગ ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિકેશન્સ () એ આ મુદ્દા પર વ્યાપક સમીક્ષા હાથ ધરી હતી, જેના પરિણામે નેશનલ નંબરિંગ પ્લાન ૨00૩ બહાર પાડવામાં આવ્યો હતો.  આ નંબરિંગ પ્લાનનો હેતુ દેશમાં ૭૫0 મિલિયન ટેલિફોન કનેક્શન્સને નંબર ફાળવવાનો હતો. જો કે, ખરો વિવાદ આ પરામર્શની બે લાઈનનો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે ૨૧ વર્ષનો મુકદ્દમા, નંબરિંગ સંસાધનોની ઉપલબ્ધતા, જોડાણોની સંખ્યામાં વધારો અને ટેલિકોમ સેવાઓને કારણે આ પડકાર વધુ મોટો બન્યો છે.

# ઈમ્પેક્ટ ફી મુદ્દે ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય, વધુ ૬ મહિના મુદત લંબાવાઈ

## ૧૭ જૂને ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત થતી હતી પૂર્ણ, હવે વધુ છ મહિના લંબાશે ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદે બાંધકામ કાયદેસર કરી શકવાની છે જોગવાઈ ચોથી વખત સમય મર્યાદામાં વધારો

ગાંધીનગર,તા. ૧૬

ગુજરાતમાં બિનઅધિકૃત ગેરકાયદે બાંધકામ ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં સતત ચોથી વાર વધારો કરવામાં આવ્યો છે. વિગતો મુજબ ઈમ્પેક્ટ ફી બાબતે અરજી કરવામાં મુશ્કેલી હોવાની નાગરિકોની ફરિયાદ હતી. જેને લઈ હવે રાજ્ય સરકાર દ્વારા સતત ચોથી વાત ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં વધારો કરી હજી ૬ મહિનાનો વધારો કરાયો છે.

મહત્વનું છે કે, રાજ્યમાં ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદે બાંધકામ કાયદેસર કરી શકવાની જોગવાઈ છે. જોકે અગાઉ બે વાર ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત આપ્યા બાદ પણ નાગરિકોની ફરિયાદને આધારે



હજી ૬ મહિના સુધી મુદ્દત આપવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્ય સરકારની ધારણા કરતાં ઓછો પ્રતિસાદ મળતા શહેરી વિકાસ વિભાગ દ્વારા ૧૭ જૂન, ૨૦૨૪ના રોજ ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત પૂર્ણ થાય તે પહેલા જ ૬ મહિનાનો વધારો કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.ગેરકાયદે અને પરવાનગી વગરના બાંધકામોનો રાફડો ફાટ્યા બાદ સરકારે ઓક્ટોબર-૨૨માં કાયદામાં સુધારો કરી ઈમ્પેક્ટ ફી સ્વરૂપે દંડનીય રકમની વસુલાત કરી ગેરકાયદે બાંધકામોને કાયદેસરતા આપવા કવાયત કરી હતી. જોકે હવે મુદત પૂર્ણ થઈ ગયા બાદ ૧૭ જૂન ૨૦૨૪થી ૬ મહિનાનું એક્સ્ટેન્શન જાહેર કર્યું છે. જેને લઈ હવે ગેરકાયદેસર બાંધકામ કરનાર વધુ મિલ્કતધારકોને લાભ મળી રહેશે.

રાજ્ય સરકાર દ્વારા સુચિત સોસાયટીઓ સહિતના આસામીઓ તેમના બાંધકામ નિયમને આધીન રેગ્યુલર કરાવે તે માટે આ યોજના જાહેર કરવામાં આવી છે. વિધાનસભામાં આ માટેનું બીલ પાસ કરવામાં આવ્યું હતું. જોકે આ યોજનાને સરકારની ધારણા મુજબનો પ્રતિસાદ મળતો નથી. છતાં આવી મિલ્કતોની સંખ્યા રાજયના ચાર મુખ્ય મહાનગરોથી માંડી નાના શહેરોમાં પણ રહેલી છે.મુખ્ય શહેરોમાં સેંકડોની સંખ્યામાં સુચિત સોસાયટીઓ છે. દાયકાઓ જુના બાંધકામ છે. આથી આ યોજનાનો લાભ લેવા સરકાર પ્રોત્સાહન આપે છે છતાં હાલની મુદ્દતમાં પાર્કિંગ સહિતના નિયમો કડક બન્યા હોય તેમાં રાહત આપવા સતત રજુઆતો થતી હતી. પરંતુ આવી કોઈ નવી છુટછાટ અપાઈ નથી અને મુળ સ્વરૂપમાં જ મુદ્દત લંબાવવામાં આવેલ છે.

# ધંધો રોજગાર શરૂ કરવા મનપા દ્વારા બેંક મારફતે રૂા. 2 લાખની લોન યોજના

## બેંકેબલ યોજનામાં ૭% ઉપરના વ્યાજની સબસીડીનો લાભ

રાજકોટ,તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકા પ્રોજેક્ટશાખાના DAY-NULM દ્વારા દીન દયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજનાનાં સ્વ-રોજગાર બેંકેબલ યોજના (SEP-I) ઘટક હેઠળ ધંધો રોજગાર શરૂ કરવા માટે રૂ.૨,૦૦,૦૦૦/- ની મહત્તમ મર્યાદામાં લોન મળશે. તથા આ યોજનાના લાભાર્થીને ૭% થી વધુ વ્યાજ ઉપર વ્યાજ સબસીડી મળવા પાત્ર છે. આ યોજનાનો લાભ સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજનાનું બી.પી.એલ. કાર્ડ, બી.પી.એલ. રેશન કાર્ડ, આવાસના લાભાર્થી તથા અનુ. જાતિ, અનુ.જન જાતિના લાભાર્થીઓ તેમજ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-આયુષ્યમાન ભારત કાર્ડ ધરાવતા લાભાર્થીઓને મળી શકશે. લોનમાં ૭% થી ઉપરના વ્યાજની સબસીડી તરીકે સહાયતા મળવાં પાત્ર છે. લોન ભરપાઈ કરવાનો સમયગાળો ૫ વર્ષ થી ૭ વર્ષ રહેશે.

આ યોજનાનો લાભ લેવા પાસપોર્ટ ફોટોગ્રાફ-૨,ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ,પાન કાર્ડ,સ્કુલ લીવીંગ/ જન્મનો દાખલો, મકાન વેરાબિલ ડ્રાઈવિંગ લાયસન્સ (વાહન લોન માટે),લાઈટબિલ ,ભાડે રહેતા હોયતો ભાડા ચિઠ્ઠી/ સહમતી પત્રક,કવોટેશન ઓરિજિનલ, બેંક ખાતાની પાસ બુકની નકલ સહિતના ડોક્યુમેન્ટ આપવા ના રહેશે.આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓ એ કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ડો.આંબેડકર ભવનગ ULM-CELL રાજકોટ મહાનગરપાલિકા, ઢેબરભાઈ રોડ, ક્રેડીટ સોસાયટીની ઉપર, પ્રથમ માળ ખાતે સંપર્ક કરવો.

# દક્ષિણ મામલતદારની પુરવઠા કચેરીમાં એજન્ટો અને કર્મચારી વચ્ચે બઘડાટી!

## એજન્ટોએ કર્મચારીઓને બ્લેકમેઇલ કરી વીડિયો ફરતા કરવાની ધમકી આપી એજન્ટોએ કર્મચારીઓ સાથે માથાકૂટ કરી પોલીસ બોલાવી પોલીસ એક ઓપરેટર અને બે એજન્ટોની પૂછપરછ માટે ઉપાડી ગઈ

રાજકોટ, તા.૧૭

રાજકોટ શહેરની દક્ષિણ મામલતદાર કચેરી ખાતે આજે બપોરના સમયે પુરવઠાની ઝોનલ કચેરીના કર્મચારીઓ અને સાચા-ખોટા કામ કરાવતા એજન્ટો વચ્ચે જબરી માથાકૂટ કરતાં પોલીસને દોડાવી પડી હોવાનું મામલતદાર કચેરીના આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

આ અંગેની મામલતદાર કચેરીના અધિકારી સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ દક્ષિણ મામલતદાર કચેરીની બાજુમાં પુરવઠાની ઝોનલ-૩ અને જની કચેરીઓ બેસે છે ત્યાં છેલ્લા ઘણા સમયથી પુરવઠાના સાચા-ખોટા કામ કરી અને અરજદારોને લૂંટતા એજન્ટોને દક્ષિણ મામલતદાર કાકડીયા દ્વારા તાજેતરમાં કડક હાથે કામ લઈ કચેરી બહાર તગેડી મુક્યા હતા.

મામલતદારની આ કડક કામગીરીથી રઘવાયા બનેલા એજન્ટોએ આજરોજ ખોટા કામધંધા બંધ થઈ ગયા હોય. પુરવઠાની ઝોન કચેરીમાં એક ઓપરેટર સાથે જબરી માથાકૂટ કરી હતી અને ઓપરેટર તથા પુરવઠા કચેરી કર્મચારીઓનો વીડિયો બનાવી વાયરલ કરવાની ખોટી ધમકી આપી હતી.

આ ઉપરાંત અધુરામાં પુરુ હોય તેમ મગન પટેલ અને અશોક બુટાણી નામના બે એજન્ટોએ




પોલીસને સામેથી ફોન કરી કચેરી ખાતે માથાકુટ થઈ હોવાનું કહી બોલાવ્યા હતા.

આથી પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી અને મામલો થાળે પાડી ઉપરોક્ત બંને એજન્ટો તથા કચેરીના કોમ્પ્યુટર ઓપરેટરને પૂછપરછ માટે માલવીયાનગર પોલીસ સ્ટેશને લઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.રાજકોટ શહેરની દક્ષિણ મામલતદાર કચેરી ખાતે આજે બપોરના સમયે પુરવઠાની ઝોનલ કચેરીના કર્મચારીઓ અને સાચા-ખોટા કામ કરાવતા એજન્ટો વચ્ચે જબરી માથાકૂટ કરતાં પોલીસને દોડાવી પડી હોવાનું મામલતદાર કચેરીના આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# અગ્નિકાંડને નકલીકાંડ કરનારા ટીપી શાખાના બન્ને અધિકારીના ૫ દિવસના રિમાન્ડ મંજૂર

■ **ખોટા દસ્તાવેજો બનાવવાનો આદેશ કરનારાના નામ આપી શકે**

રાજકોટ, તા. ૧૭: રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડ મામલે ગઈકાલે (૧૫ જૂન) જ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મનપા ટાઉન પ્લાનિંગ શાખાના ATP (આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર) રાજેશ મકવાણા તેમજ જયદીપ ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી. બંને દ્વારા ગેમ ઝોન દુર્ઘટના બાદ બચવા માટે ખોટા દસ્તાવેજો ઉભા કરવામાં આવ્યા હતા. બંનેએ TP શાખામાં ખોટું રજીસ્ટર બનાવ્યું હોવાનું સામે આવતા ટીમ પુરાવાઓ એકત્ર કરી તપાસ કરી રહી છે. જે અંતર્ગત આજે (૧૬ જૂન) બંનેને ક્રાઈમ બ્રાન્ચથી કોર્ટમાં રિમાન્ડ માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં અદાલત સમક્ષ બંનેના ૭ દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જોકે, નામદાર કોર્ટે ૫ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

જાણવા મળતી વિગત મુજબ, શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગ્નિકાંડ મામલે તપાસ ચલાવવામાં આવી રહી છે. આ દરમિયાન આરોપીઓએ અગ્નિકાંડના બીજા દિવસે પુરાવાનો નાશ કરી ખોટું રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. જેમાં રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગના વધુ બે



આરોપીઓની સંડોવણી ખુલી હતી. પોલીસ તપાસમાં રાજેશ મકવાણાની વોર્ડ નંબર ૧૦માં જવાબદારી નહીં હોવા છતાં ગુનાના કામે સંડોવાયેલો હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ATP રાજેશ મકવાણા અને જયદિપ ચૌધરીની ગઈકાલે ધરપકડ કરી લેવામાં આવી હતી. તેમજ આજે બંનેને ૭ દિવસના રિમાન્ડની માગ સાથે એ. એસ. ખંડેલવાલની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

અદાલત સમક્ષ એડિશનલ સ્પે. પીપી નિતેશ કથિરિયાએ જણાવ્યું હતું કે, ટાઉન પ્લાનિંગ વિભાગના આ બંને સહિત તમામ અધિકારી જાણતા હતા કે ગેરકાયદેસર બાંધકામ કાયદેસર થઈ શકે તેમ નથી. કારણ કે, GPMC-૨૬૦(૨)ની નોટિસ બાદ ગેર કાયદેસર બાંધકામને કાયદેસર કરી શકાતું નથી. આ ડિમોલેશનની નોટિસ બાદ બાંધકામને કાયદેસર કરવા માટે રેગ્યુલરાઈઝની અરજી પણ કરી શકાતી નથી. જો અરજદારને વાંધો હોય તો વહીવટી તંત્રની નોટિસ સામે સિવિલ કોર્ટમાં દાવો કરવો પડે છે. જેને લઈને આ અગ્નિકાંડ સર્જાયા બાદ ટાઉન પ્લાનિંગ વિભાગ સાથે સંકળાયેલા એમ. ડી. સાગઠિયા સહિતનાએ ઈમ્પેક્ટને લગતા ડોક્યુમેન્ટ્સ ઊભા કર્યા હતા.

અગ્નિકાંડ બાદ ATP રાજેશ મકવાણા અને જયદિપ ચૌધરી દ્વારા ખોટું રજીસ્ટર તૈયાર કરી પુરાવાનો નાશ કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ત્યારે આ કામગીરીમાં તેમની સાથે અન્ય કોની સંડોવણી છે? તેમજ કોના કહેવાથી બંનેએ આ કામ કર્યું હતું? તે સહિતના મુદ્દે પોલીસ દ્વારા તેઓની સઘન પૂછતાછ કરવામાં આવનાર છે. આ માટે આરોપીઓનાં રિમાન્ડ મેળવવા પણ જરૂરી હોવાથી બંનેનાં ૭ દિવસનાં રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. જોકે, અદાલતે ૫ દિવસ એટલે કે આગામી ૨૧ તારીખ સાંજના ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગત રવિવારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા સામે વધુ એક પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. અગ્નિકાંડ ત્રીજા દિવસે એટલે કે, ૨૭.૫.૨૦૨૪ના રોજ સાગઠિયાએ ગર્ભીત ધમકી સાથે કડક સૂચના આપી પોલીસ તપાસને ગેરમાર્ગે દોરવા મિનિટ્સ બુકની ખોટી માહિતી દર્શાવી હોવાનું સામે આવ્યું હતું. જે મામલે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ રાજકોટ મનપાના ચાર અધિકારીઓ સહિત કુલ ૯ આરોપીઓ રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ છે. જ્યારે જમીન માલિક આરોપી અશોકસિંહ જાડેજા રિમાન્ડ પર છે. ત્યારે પોલીસે વધુ બે અધિકારીની ધરપકડ કરી આ દુર્ઘટનાનાં મૂળ સુધી પહોંચવા તપાસ હાથ ધરી છે.

# શિક્ષણ વિભાગે GCAS પોર્ટલ દ્વારા ૩.૧૯ લાખ વિદ્યાર્થી પાસેથી એડમિશનના નામે રૂ. ૯.૫૭ કરોડ ઉઘરાવી લીધા!

અમદાવાદ, તા. ૧૭: રાજ્યમાં છેલ્લા ઘણાં વર્ષોથી 'બેટી બચાઓ, બેટી પઢાઓ'ના આકર્ષક સ્લોગનથી વિદ્યાર્થિનીઓને ભણાવવા, તેને પ્રોત્સાહન આપવા અભિયાન ચલાવવામાં આવે છે. પરંતુ હવે 'બેટી પઢાઓ' નહીં પરંતુ 'બેટી સે કમાઓ' કહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. કારણ કે કોલેજોમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓએ ફરજિયાત GCAS પોર્ટલ પર રૂ.૩૦૦ ચૂકવીને રજિસ્ટ્રેશન કરવાનો નિર્ણય કરાયો છે. પરંતુ સૌથી મહત્વની બાબત એ છે કે, રાજ્યની સરકારી કોલેજોમાં વિદ્યાર્થિનીની સત્ર ફી રૂ.૨૦૦ સુધીની છે, બીજી બાજુ એડમિશન લેવા ફરજિયાત પોર્ટલમાં રૂ.૩૦૦ ભરવા પડે છે. એનો મતલબ એવો થયો કે સરકાર વિદ્યાર્થિની દીઠ રૂ. ૧૦૦ કમાણી કરશે! રાજ્યમાં આશરે ૨૫૦ જેટલી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો આવેલી છે જેમાંથી એક કોલેજમાં અંદાજિત ૨૫૦ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા હોય તો કુલ ૬૨,૫૦૦ વિદ્યાર્થીઓ એડમિશન લે છે. કુલ વિદ્યાર્થીઓમાંથી ૫૦% સંખ્યા વિદ્યાર્થિની પ્રવેશ લે છે એટલે કે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં ૩૧,૨૫૦ વિદ્યાર્થિની પ્રવેશ લે છે. માત્ર સરકારી કોલેજમાં પ્રવેશ લેનારી વિદ્યાર્થિનીની ગણતરી કરીએ તો તે આશરે ૧૫ હજાર જેટલી થાય છે જેની કોલેજમાં અભ્યાસની ફી રૂ.૨૦૦ સુધીની હોય છે પરંતુ GCAS પોર્ટલમાં રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થિનીઓએ ફરજિયાત રૂ.૩૦૦ ભરવા પડશે. જેમાંથી સરકારને વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦ની કમાણી થશે.રાજકોટ સહિત રાજ્યભરમાં છેલ્લા ઘણા સમયથી કોલેજોમાં એડમિશન લેવા માટે સેન્ટ્રલાઈઝ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં રાજ્યની ૧૫ યુનિવર્સિટી હેઠળ આવતી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓએ ફરજિયાત રૂ.૩૦૦ ચૂકવીને GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલમાં રજિસ્ટ્રેશન કરવાનો નિર્ણય કર્યો છે. આ પોર્ટલમાં દર્શાવ્યા પ્રમાણે તારીખ ૨૪ મે સુધીમાં રાજ્યમાં ૪.૮૫ લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધા છે, હવે જો આ ૩.૧૯ લાખ વિદ્યાર્થીઓ પાસેથી રૂ.૩૦૦-૩૦૦ વસૂલવામાં આવ્યા હોય તો અંદાજે આ આંકડો રૂ. ૯.૫૭ કરોડ થાય છે.

# ભરોસાની ભાજપ હવે ભ્રષ્ટાચારની ભાજપ બની': કોંગ્રેસનો આક્ષેપ

## દહેજ અને સાયખા GIDCની જમીનનો ભાવ રૂ. ૧૦ હજારને બદલે રૂ.૨૮૪૫ ગણ્યો, સરકારી તિજોરીને ૧૫૭૦ કરોડનું નુકસાન

અમદાવાદ, તા. ૧૭ઃ ભાજપના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમમાં પ્રથમ તબક્કે ૩ અબજ ૫૦ કરોડ રૂપિયા અને બીજા તબક્કામાં ૧૨ અબજ ૨૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના દસ્તાવેજી પુરાવાઓ અને સિલસિલાબંધ હકીકતો પ્રેસ અને મીડિયાને આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર અણઆવડત અને ભયંકર ભ્રષ્ટાચારનો પર્યાય બની ગઈ છે. જે ભારતીય જનતા પાર્ટી ચૂંટણી સમયે કહેતી હતી કે ''ભરોસાની ભાજપ'' તે હવે ''ભ્રષ્ટાચારની ભાજપ'' બની છે. આઝાદી પછી જનસેવા, જનકલ્યાણ અને સંતુલિત વિકાસ માટે જાહેર સાહસો બનાવવામાં આવ્યાં હતાં. જનસેવાની સાથે આર્થિક ઉપાર્જન પણ સરકારને થતું હતું. ભાજપ દ્વારા આ જાહેર સાહસોએ જનસેવાનું સાધન નહીં પરંતુ જથ્થાબંધ ભ્રષ્ટાચાર કરવા માટેનું એક મોટું પ્લેટફોર્મ બની ગયું છે.

**ભાજપના ભ્રષ્ટાચારનો મોટો કિસ્સો બહાર આવ્યો**

રાજ્યમાં નાના-નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન મળે, સ્થાનિકોને રોજી મળે તેમજ ઉદ્યોગોનો સંતુલિત વિકાસ થાય તે માટે GIDCની સ્થાપના કરવામાં આવી હતી. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોમાં અનેક અવિકસિત વિસ્તારોમાં નાની મોટી GIDC પૂરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બનાવવામાં આવી હતી. આવા પ્રકારની GIDCઓ બનવાના




કારણે અનેક નાના ઉદ્યોગકારો, વિશ્વકર્મા સમાજના ભાઈઓને ઉદ્યોગ કરવા માટેની તકો મળી અને સ્થાનિકોને રોજી પણ મળી હતી. ભાજપ સરકારે આ GIDCનો લાભ આપવા કે સંતુલિત વિકાસ કે નાના માણસોને ફાયદા કરવાના બદલે હેતુફેર કરી કરીને માનીતાઓને મિલકતો પધરાવીને કરોડો રૂપિયા પેદા કરીને ભ્રષ્ટાચાર કર્યો છે. તેનો એક ખૂબ મોટો કિસ્સો આજે બહાર આવ્યો છે.

ભાજપ સરકારે દહેજ અને સાયખા ઔદ્યોગિક ઝોનમાં પહેલે તબક્કે ૩ અબજ ૫૦ કરોડ, બીજા તબક્કામાં ૧૨ અબજ ૨૦ કરોડથી વધારેના ભ્રષ્ટાચારના જે ષડ્યંત્ર કર્યા છે. તેની સિલસિલાબંધ વિગતો પ્રેસ અને મીડિયામાં શક્તિસિંહ ગોહિલે આપી હતી.

**શક્તિસિંહનો ભ્રષ્ટાચાર મામલે પર્દાફાશ**

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, GIDCને અવિકસિત વિસ્તારમાં સ્થાપીને નાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે પ્લોટ જંત્રી/ઔદ્યોગિક દરથી આપવામાં આવતા હતા. જ્યારે GIDC વિકસિત બને અને ૯૦% પ્લોટ ફાળવાય ત્યારે એ GIDCને સેચ્યુરેટેડ (સંતૃપ્ત ઝોન) તરીકે જાહેર કરવાની એક સ્થાપિત નીતિ ગુજરાતમાં રહી છે. આવા સેચ્યુરેટેડ ઝોનમાં બેઠા ભાવે નહીં, પરંતુ જે ઔદ્યોગિક ભાવ એ જંત્રીનો ભાવ હોય તેમાં ૨૦% ઉમેરીને ત્યારબાદ જાહેર હરાજીથી જ પ્લોટ ફાળવી શકાય.

ભ્રષ્ટાચાર માટેના ષડ્યંત્રની શરૂઆત એ રીતે થાય છે કે, તારીખ ૨૪મી એપ્રિલ ૨૦૨૩ના રોજ દહેજ અને સાયખામાં કેમિકલ ઝોનમાં જમીનના પ્લોટ ફાળવવા માટે ત્રઈંઉઈ દ્વારા અરજીઓ મંગાવવામાં આવી અને ત્યાંનો બેઠો ભાવ ૨,૮૪૫ પ્રતિ ચોમી છે. અરજીઓ મંગાવ્યા બાદ તારીખ ૨૭મી જુલાઈ ૨૦૨૩ના રોજ એટલે કે માત્ર ૩ મહિનામાં જ પરિપત્ર કરીને ત્રઈંઉઈએ કહ્યું કે, નિગમની ૫૧૮મી નિયામક મંડળની સભામાં નક્કી થયું છે કે દહેજ અને સાયખાએ સેચ્યુરેટેડ ઝોનમાં ગણવો. એટલે કે બેઠા ભાવે જમીન ફાળવી શકાય નહીં

અને અગાઉ જે કંઈ અરજીઓ તારીખ ૨૪મી એપ્રિલ ૨૦૨૩ના રોજ માંગવામાં

# રાજકોટ અગ્નિકાંડ મામલે નવી કમિટી રચવામાં નૌટંકી

## હાઈકોર્ટના આદેશ પછીય નવી કંમિટીની રચના માટે સરકાર ડ્રામાબાજી કરી રહી હોય તેવું ચિત્ર ઉપસ્યું

રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડની સત્યતા જાણવા માટે રાજ્ય સરકારે સીટની રચના કરી છે તેમ છતાંય સીટ સામે આંગળી ચિંધાઈ છે. ગુજરાત હાઈકોર્ટે પણ સીટને લઈને ફટકાર આપી છે જેના પગલે સરકારમાં રીતસર દોડધામ મચી છે. હાઈકોર્ટના આદેશ પછીય નવી કંમિટીની રચના માટે સરકાર ડ્રામાબાજી કરી રહી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. આ બધુય જોતા લાગી રહ્યુ છેકે, ભાજપ સરકારને ગમ ઝોનના આરોપી-કૌભાંડી અધિકારીઓને બચાવવામાં જ રસ છે. પણ પિડીતોને ન્યાય મળે તે માટે સરકારને કઈ પડી નથી.રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડને લઈને સરકાર સામે દિને દિને રોષ ભભૂક્યો છે તેનુ કારણ છેકે, પિડીત પરિવારોને ન્યાયની આશા રહી નથી. જે રીતે સીટ તપાસ કરી રહી છે તે જોતાં રાજકોટ વાસીઓને લાગી રહ્યું છેકે, ગેમ ઝોનના આરોપીઓ અને કૌભાંડી અધિકારીઓને ઉની આંચ આવવાની નથી. આ જોતાં હાઈકોર્ટ પણ ગુજરાત સરકારને ફટકાર આપી છે. એટલુ જ નહીં, નવી કમિટી રચવા આદેશ કર્યો છે. હાઈકોર્ટના આદેશ બાદ હવે પિડીત પરિવારોને ન્યાય મળે તેવો હાશકારો થયો છે.

રાજકોટ અગ્નિકાંડમાં કેટલાંય ભ્રષ્ટ અધિકારીઓથી માંડીને ભાજપના નેતાઓ પણ સંડોવાયેલાં છે. જો નિષ્પક્ષ તપાસ થાય તો છેક ભાજપના જ માથે કાળી ટીલી લાગે તેમ છે. એટલે જ સીટમાં મળતિયા અધિકારીઓને તપાસ અધિકારી તરીકે મૂકાયા છે. આ કારણોસર જ હાઈકોર્ટે લાલ આંખ કરવી પડી છે. હવે સરકારના ગળે બરોબરનું હાડકુ ભરાયુ છે.

ઉલ્લેખનીય છેકે, રાજકોટ અગ્નિકાંડની તપાસ ચાલી રહી છે ત્યારે કેટલાંક ઉચ્ચ અધિકારીઓ સીટને પણ ગાંઠતા નથી. પૂછપરછ માટે અધિકારીઓ હાજર થતા જ નથી. નાની માછલી તો પકડાઈ પણ હવે હાઈકોર્ટના આદેશ બાદ અગ્નિકાંડમાં સંડોવાયેલાં મોટા મગરમચ્છોને નવી કમિટી સમક્ષ હાજર થવુ પડશે.

હવે સત્યશોધક નવી કમિટી અગ્નિકાંડમાં શું નવા ખુલાસા શોધશે અને નવા આરોપીઓને પકડશે તે સમય જ કહેશે પણ અત્યારે હાઈકોર્ટના આદેશને પગલે સરકારે ના છૂટકે નવી કમિટી બનાવવા મજબૂર થવુ પડ્યું છે. રાજકોટ અગ્નિકાંડના પિડીતોને ન્યાય મળે તે દિશામાં સરકારે પ્રમાણિક પગલાં લેવા પડશે નહીતર સરકાર સામે પ્રજાઆક્રોશ વધુ ભભૂકશે તે નક્કી છે.

આ તરફ, હાઈકોર્ટની ફટકાર પછી ય સરકાર નવી કમિટી રચવા માટે હવાતિયા મારી રહી છે. છેલ્લા બે દિવસથી સચિવાલયમાં બેઠકોનો દોર જામ્યો છે. ચર્ચા એવી છેકે, જો કોઈ મળતિયા બિઝનેસમેન કે જમીન માફિયાની ફાઈલ હોય, સાંઠગાંઠ ધરાવતો કોન્ટ્રાક્ટર હોય તો ગણતરીના કલાકમાં જ ફાઈલ- બિલ પાસ થઈ જાય, રાતોરાત ઓર્ડર થઈ જાય પણ પિડીતોને ન્યાય આપવાની વાત હોય તો સરકારને જાણે કઈ સુઝતુ નથી. ખરેખર સરકારને નિષ્ઠાપૂર્વક કામ જ કરવું હોય તો બે- પાંચ અધિકારીઓની નિમણૂંક કરી સત્યશોધક કમિટીની જાહેરાત કરતાં કેટલી વાર લાગે? પણ એવુ નથી.

સરકારને પ્રજાલક્ષી નિર્ણય લેવામાં દિવસો વિતી જાય છે. બાકી તો વ્યક્તિગત કામોનો કોઈને ગંધ ન આવે તેમ રાતોરાત થઈ જાય છે. રાજકોટ અગ્નિકાંડમાં મુખ્યમંત્રીથી માંડીને ગૃહમંત્રીએ એક જ રટણ રટ્યુંકે, કોઈપણ ચમરબંધીને છોડવામાં નહી આવે પણ જે રીતે સીટની તપાસ આગળ વધી રહી છે તે જોતાં પિડીત પરિવારોએ પણ ન્યાયની આશા છોડી દીધી છે. એવું કશુય થયું નહી જેથી રાજકોટ વાસીઓનો રોષ ટાઢો પડે.

# ૧૬ લાખ લોકોને હાયપર ટેન્શન, ૧૧ લાખને સુગરઃ રાજ્યમાં ૨.૫૪ કરોડ લોકોનું સ્ક્રીનીંગ

■ **જીવનશૈલી આધારિત બિનચેપી રોગના પડકાર સામે સરકાર સક્રિયઃ ૭ હજારને કેન્સરઃ ૩૦ વર્ષ ઉપરના લોકોને સ્ક્રીનીંગ કરાવવા સલાહ**

ગાંધીનગર, તા.૧૭ઃ પ્રવર્તમાન સમયમાં જીવનશૈલી આધારિત થતા બિનચેપી રોગોનું પ્રમાણ સમગ્ર વિશ્વમાં વધી રહ્યું છે. ડાયાબિટીસ, હાયપરટેન્શન (બી.પી.) કેન્સર અને ફેફસાને લગતા રોગનો બિનચેપી રોગો (એન.સી.ડી.)માં સમાવેશ થાય છે. વધારે પડતો શ્રમ, સ્ટ્રેસ, અપૂરતી ઉંઘ, બેઠાડું જીવન અને ઘણી વખત ખરાબ ફૂડ હેબિટ પણ આ પ્રકારના રોગોને નોતરી શકે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા



એન.સી.ડી.(નોન કોમ્યુનિકેબલ ડિસીઝ) બિનચેપી રોગના નિવારણ સંદર્ભે N.C.D. કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં સબ સેન્ટરથી લઇ સિવિલ હોસ્પિટલમાં દર શુક્રવારે વિનામૂલ્યે સ્ક્રીનિંગ કરવામાં આવે છે. વધુમાં દર બુધવારે એટલે કે મમતા દિવસે પણ બહેનોનું સ્ક્રીનિંગ કરાય છે.

૩૦થી વધુની વયના કોઈપણ નાગરિક નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં જઈને સંપૂર્ણપણે વિનામૂલ્યે પોતાનું હેલ્થ સ્ક્રીનિંગ કરાવી શકે છે. જેમાં ડાયાબિટીસ, હાયપરટેન્શન, હૃદયરોગ, લકવો અને કેન્સરના રોગની તપાસ કરવામાં આવે છે. કેન્સરમાં પણ મોઢા/ગર્ભાશયના મુખને લગતા કેન્સરની તપાસ કરાય છે.

આ તપાસમાં શંકાસ્પદ જણાઇ આવતા ડાયાબિટીસ અને હાયપરટેન્શનની બિમારી ધરાવતા દર્દીઓની તબીબી સલાહ મુજબ દવા શરૂ કરવામાં આવે છે.કેન્સર, હૃદયરોગ કે અન્ય બીમારીની ગંભીરતા જણાતા સરકારી હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ નિઃશુલ્ક સઘન સારવાર શરૂ કરવામાં આવે છે. ટેલીમેડિસીનના માધ્યમથી સ્પેશ્યાલિસ્ટ કન્સલ્ટેશનની સુવિધાઓ ઉપલબ્ધ કરાઇ છે. વધુમાં રાજ્યના તમામ જિલ્લામાં કેન્સરગ્રસ્ત દર્દીઓની કિમોથેરાપી સારવાર માટે ડે-કેર કિમોથેરાપી સેન્ટર્સ પણ કાર્યરત કરાયા છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના અહેવાલ પ્રમાણે રાજ્યમાં ૩૦થી વધુની વયના કુલ ૩.૬૯ કરોડ નાગરિકો એનરોલ્ડ છે. જેમાંથી ૩.૪૩ કરોડ વ્યક્તિઓએ કમ્યૂનિટી બેઝ્ડ એસેસમેન્ટ ચેકલીસ્ટ ફોર્મ ભર્યું છે. જેમાંથી ૨.૫૪ કરોડ લોકોનું પ્રથમ વખત સફળતાપૂર્ણ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. જેમાંથી ૧૬ લાખ ૨૩ હજાર લોકોને હાયપરટેન્શન અને ૧૧ લાખ ૭ હજારને ડાયાબિટીસ હોવાનું પ્રાથમિક નિદાન થયું. ૬ હજાર ૯૦૦ જેટલા લોકોને કેન્સર હોવાનું નિદાન થયું છે. જે તમામની સઘન સારવાર શરૂ કરી દેવામાં આવી છે. તબીબોની સલાહ પ્રમાણે ૩૦થી વધુની વયના તમામ નાગરિકોએ વર્ષમાં એક વખત અચૂકપણે આરોગ્ય સ્ક્રીનિંગ કરાવવું જોઇએ. બિનચેપી રોગોનું વહેલું નિદાન તેને નિયંત્રણમાં લાવવા અને સઘન સારવાર ઉપલબ્ધ કરાવવા મદદરૂપ બને છે.

# ગુજરાત હવે ઔદ્યોગિક અને સમૃધ્ધ રાજ્ય ગણાય પણ જીએસડીપીમાં પાછળ

■ **ભારતનું સૌથી અમીર રાજ્ય મહારાષ્ટ્ર, સૌથી ગરીબ રાજ્ય છત્તીસગઢ જ્યાં ૩૭% લોકો ગરીબીમાં જીવે છે**

નવી દિલ્હી, તા. ૧૭ઃ ભારતની જીડીપી અને આર્થિક વૃદ્ધિ સતત વધી રહી છે. ભારત અત્યારે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ગુજરાતમાં સૌથી સમૃધ્ધ રાજ્ય ગણવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં મહારાષ્ટ્ર સૌથી ધનિક રાજ્ય છે.

ભારતમાં ઘણા એવા રાજ્યો છે જેમની જીડીપી અને આર્થિક વૃદ્ધિ દર વર્ષે વધી રહી છે. એટલું જ નહીં, આ રાજ્યો ભારતને આર્થિક રીતે પણ મજબૂત બનાવે છે. ભારતના કેટલાક રાજ્યો અન્ય રાજ્યો કરતા ઘણા સમૃદ્ધ છે. દેશના આર્થિક વિકાસમાં પણ આ રાજ્યોની મહત્વની ભૂમિકા છે.

જો કે, ભારતના કોઈપણ રાજ્યને સમૃદ્ધિના માપદંડ પર માપવા માટે, તે વિવિધ પરિમાણો પર માપવામાં આવે છે. જેમ કે જીએસડીપી, માથાદીઠ આવક, હ્યૂમન




ડેવલપમેન્ટ ઈન્ડેક્સ,, ગરીબીનું સ્તર, રોજગાર અને બેરોજગારીનું સ્તર સામેલ છે. આ અંતર્ગત રાજ્યમાં ચોક્કસ સમયગાળામાં પૂરી પાડવામાં આવતી સેવાઓ અને ઉત્પાદનોને માપવામાં આવે છે, જે કોઈપણ રાજ્યના આર્થિક વિકાસ માટે જવાબદાર હોય છે.

ભારતના સૌથી ધનિક રાજ્યોની યાદીમાં મહારાષ્ટ્ર ટોચ પર છે. ૪૦૦ બિલિયન યુએસ ડોલરના ઋજીડીપી સાથે મહારાષ્ટ્ર ભારતનું સૌથી ધનિક રાજ્ય છે. રાજ્યની રાજધાની મુંબઈને દેશની આર્થિક રાજધાની પણ કહેવામાં આવે છે. તે દેશનું ત્રીજું સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતું રાજ્ય છે, જ્યાં ૪૫ ટકા વસ્તી શહેરોમાં રહે છે. એટલું જ નહીં, અહીં ફિલ્મ સ્ટાર્સ સહિત દેશના મોટા ભાગના અમીર લોકો રહે છે. મુંબઈ, દેશના સૌથી મોટા મેટ્રો શહેરોમાંનું એક, ફાઈનાન્સ અને બિઝનેસ સેવાઓ માટે જાણીતું છે. ફિલ્મ ઉદ્યોગથી લઈને ટ્રાન્સપોર્ટ અને શેરબજારના ઉદ્યોગો અહીં સ્થપાયેલા ભારતના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

આ ઉપરાંત આ રાજ્ય કૃષિ અને ઉદ્યોગ માટે પણ જાણીતું છે. મહારાષ્ટ્ર કપાસ, સોયાબીન અને શેરડીનું સૌથી મોટું ઉત્પાદક છે. આર્થિક સ્તરે, મહારાષ્ટ્ર રાજ્ય દેશમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. છત્તીસગઢ દેશનું સૌથી ગરીબ રાજ્ય છે. અહીં ગરીબી દર ૩૭% છે. આ રાજ્યના મોટાભાગના લોકો ગરીબ છે. બીજા સ્થાને ઝારખંડ છે, અહીં ગરીબી દર ૩૬.૯૬ ટકા છે. આ પછી મણિપુર, અરૂણાચલ પ્રદેશ અને બિહાર રાજ્યોમાં પણ ગરીબી છે.

# ગત વર્ષની સરખામણીમાં મે માસ ભારે રહ્યો, ઝાડા-ઉલ્ટીના કેસમાં ૧૪૪ ટકાનો વધારો



અમદાવાદ, તા. ૧૭: રાજ્યમાં આ વખતે ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ચુક્યા છે. ગત વર્ષ મે મહિનાની સરખામણીએ આ વખતે હિટ સ્ટ્રોક, ચક્કર ખાઈને પડી જવા સહિતના ગરમીના કારણે માંદા પડવાના ઇમરજન્સી કેસમાં ૫૨.૪૩ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે. ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સને ગત વર્ષે મે મહિનામાં ૨૧૦૦ કોલ મળ્યા હતા, જોકે આ વખતે ૩૨૦૧ કોલ મળ્યા છે. બીજી તરફ અમદાવાદમાં ગત વર્ષની સરખામણીએ કૂલ ૧૨૯ ટકા ઇમરજન્સી વધી છે.

અમદાવાદ શહેરમાં હિટ સ્ટ્રોકના આ વખતે રેકોર્ડબ્રેક ૭૦ કેસ નોંધાયા છે. ગત વર્ષે ૧૦ કોલ્સ હતા, એકંદરે ૬૦૦ ટકાનો વધારો દેખાય છે. અમદાવાદમાં ઝાડા ઉલટીને લગતા કેસમાં ૧૭૮ ટકા, ભારે તાવના કેસમાં ૧૦૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. ઇમરજન્સી ડેટા મુજબ ગત વર્ષની તુલનાએ પેટમાં દુખાવો અને ઝાડા ઉલટીને લગતા કેસમાં ૧૪૪ ટકાનો વધારો થયો છે. ગત વર્ષે મે મહિનામાં ૧૦૭ કેસ હતા, જોકે આ સિઝનમાં ૨૬૨ કેસ આવ્યા છે.

હિટ સ્ટ્રોકના કેસમાં ગુજરાતમાં ૨૨૦ ટકાનો વધારો થયો છે, ગત મે ૨૦૨૩માં ૬૦ કેસની સામે આ વખતે ૧૯૨ કોલ આવ્યા હતા, ભારે તાવના ૪૦ ટકા કોલ વધ્યા હતા. માથાના દુખાવાના આ વખતે ૧૯ કોલ્સ હતા, ચક્કર ખાઈને પડી જવું રે બેભાન થવાના કેસ ૧૯૯ ટકા વધ્યા હતા.

# વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા ૬૬૮૨ લોકોના લાયસન્સ રદ્દ

## ૧૭૫૧ વાહનચાલકોએ ૧૦૧ વાર તથા ૪૯૩૧એ ૫૦થી વધુ વખત ટ્રાફિક નિયમો તોડ્યા બાદ કાર્યવાહી



સુરત, તા. ૧૭: ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત શહેરમાં કંટ્રોલરૂમમાંથી થતી ટ્રાફિકની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. જ્યાં અધિકારીઓ સાથે બેઠક કરી ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

આ તકે હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સુરત શહેર પોલીસ અને મહાનગર પાલિકા દ્વારા ટ્રાફિકનું વધુ વ્યવસ્થિત પાલન થાય તે માટે જે નવા ટ્રાફિક સિગ્નલ લગાડવામાં આવ્યા, તેનું નાગરિકો ખુબ સારી રીતે પાલન કરતા નજરે પડી રહ્યા છે. સુરત શહેરમાં અકસ્માતમાં ઘટાડો લાવવા માટે રોંગ સાઈડની ડ્રાઈવ પણ શરૂ કરવામાં આવશે છે.

૧૧ ટકા જેટલા ફેટલ અકસ્માત ઓછા થયા છે. ૨૦ જેટલા બીજા ગંભીર અકસ્માત ઓછા થયા છે. દર વર્ષે આ મહિનાની અંદર એવરેજ અને ગયા મહિના અને આ મહિનાની એવરેજ મેળવી ત્યારે ૧૧ લોકોના જીવ બચાવવામાં આ સિગ્નલોના કારણે સફળતા મળી છે. વધુમાં ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું કે, શહેરમાં ૧,૪૫,૩૨૭ લોકો એવા છે કે જેમણે ૫ થી ૧૦ વાર ટ્રાફિક સિગ્નલ, રોંગ વે, અને ટ્રાફિકના નિયમો તોડ્યા છે.

૧૧ થી ૨૦ વાર નિયમો તોડનાર ૪૬,૧૮૯ લોકો છે. ૨૧ થી ૫૦ વાર નિયમો તોડીને જેમ કે આદત જ બનાવી લીધી હોય એવા ૧૮,૨૫૭ લોકો છે. જ્યારે ૫૧ થી ૧૦૦ વાર નિયમ તોડનાર ૪૯૩૧ લોકો છે, તેમજ ૧૦૧ વાર ટ્રાફિક નિયમ તોડનાર ૧૭૫૧ લોકો છે. +

આ ૪૯૩૧ અને ૧૭૫૧ મળીને કુલ ૬૬૮૨ લોકોના લાયસન્સ રદ કરવાની સૂચના આપવામાં આવી છે. એના પછી તબક્કાવાર કે જે લોકોને નિયમ તોડવાની આદત પડી ગઈ છે તે લોકો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.

રોંગ સાઈડમાં જતા લોકોના લાયસન્સ પણ રદ થઈ જશે. ૫૧થી ૧૦૦ વખત નિયમ તોડનારા ૪૧૦૦ લોકોના લાયસન્સ રદ થશે. આ ઉપરાંત ૧૦૧ વારથી વધું નિયમોનો ભંગ કરનારા ૧૫૦૦થી વધુના લાયસન્સ રદ કરવા સૂચન કર્યું છે.

## મીઠાપુર ખાતે બીચ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન




ટાટા કેમિકલ્સ (પ્લેટિનમ કલબ) દ્વારા આયોજિત બીચ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદઘાટન આજે સાંજે મીઠાપુર બીચ ખાતે ટાટા કેમિકલ્સ લિ.ના કાર્યકારી ચીફ મેન્યુફેક્ચરિંગ ઓફિસર અને સાઇટ હેડ શ્રી એચ. ટી. ગંગારામાણી સાહેબ દ્વારા કરવામાં આવ્યું. ટાટા કેમિકલ્સના કાયમી કર્મચારીઓ માટે આ ટુર્નામેન્ટના આયોજનનું સતત બીજું વર્ષ છે. ટુર્નામેન્ટની આ બીજી આવૃત્તિમાં કુલ ૧૦૧ જેન્ટસ ટીમ અને ૪ લેડિઝ ટીમ મળીને કુલ ૧૦૫ ટીમ ભાગ લઈ રહી છે.

## ગુજરાત ગુરુવારથી રાજ્યના ૪૫ કેન્દ્રો પર ટેકાના ભાવે મગની ખરીદી

રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ પાક ખરીદીને લઈ મહત્વનો નિર્ણય સામે આવ્યો છે. વિગતો મુજબ રાજ્યભરમાં આગામી તા. ૨૦મી જૂનથી ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી શરુ થશે. જે અંતર્ગત ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે રૂ.૧૦૮ કરોડની કિંમતના ૧૨,૬૩૩ મેટ્રિક ટન જથ્થાની ખરીદી કરાશે. મહત્વનું છે કે, મગના વાવેતર વિસ્તાર-ઉત્પાદનને ધ્યાને રાખીને ૪૫ ખરીદ કેન્દ્રો સૂચિત કરાયા છે. આ સાથે વર્ષ ૨૦૨૩-૨૪ માટે મગ પાકનો ટેકાનો ભાવ રૂ ૮,૫૫૮ પ્રતિ ક્વિન્ટલ નક્કી કરાયો છે. રાજ્ય સરકારના નિર્ણય અંગે માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩-૨૪ના ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી આગામી તા. ૨૦મી જૂનથી શરુ થશે. રાજ્યભરના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે રૂ.૧૦૮ કરોડની કિંમતનો ૧૨,૬૩૩ મેટ્રિક ટન જેટલો જથ્થો ખરીદી કરવાનું અનુમાન છે. ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે ગત તા. ૧૪મી જૂનથી ખેડૂતોની નોંધણી શરુ કરી દેવામાં આવી છે.

# જૂનાગઢ સિવીલ હોસ્પીટલ ખાતે દિવંગત ઉર્મિલાબેન ઝાલાને અંગદાન સંદર્ભે મરોણોપરાંત સન્માનિત કરાયા

■ **અંગદાતાઓ, તેમના પરિવારના સભ્યો અને સિવિલ સોસાયટીના સભ્યોના યોગદાનની પ્રશંસા કરતા નરસિહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. ચેતન ત્રિવેદી**



રિપોર્ટરઃ ઉદય પંડ્યા

જૂનાગઢ તા. ૧૬, જૂનાગઢ જી.એમ.ઇ.આર. એસ. જનરલ હોસ્પિટલ તેમજ જિલ્લા ઓર્ગન ડોનેશન કમિટી જુનાગઢ અને ગાયત્રી શક્તિપીઠ તેમજ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા અંગદાન જાગૃતિ કાર્યક્રમ સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજ્યના અંગદાન કાર્ય સાથે સંકળાયેલ દિલીપભાઇ દેશમુખ ઉપસ્થિત રહ્યા હતા તેઓશ્રીએ અધ્યક્ષિય ઉદબોધનમા જણાવ્યું હતું કે જીવન અને સંબંધોમાં પ્રેમ મહત્વનો ભાગ ભજવે છે.જો પ્રેમના ના હોય જીવનમાં તો હાસ્ય અને ખુશીની અનુભૂતિ અશક્ય હોય છે.એવી રીતે અંગો શરીરમાં થતી ક્રિયાઆનો આધાર સ્તંભ છે. આંગદાન એટલે જ્યારે એક વ્યક્તિનું અંગ બીજામાં રિપ્લેસ કરવામાં આવે છે તો બીજા વ્યક્તિને નવું જીવનદાન પ્રાપ્ત થાય છે.

આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય કુલપતિ પ્રો. ડો.ચેતનભાઇ ત્રિવેદીએ કર્યુ હતું.

આ જાગૃતિ કાર્યક્રમમાં અંગદાતા વાલ્મીકિ પરિવારના દિવંગત ઊર્મિલાબેન ઝાલાનાં પરિવારના સભ્યો અને સિવિલ સોસાયટીના સભ્યોના તેમની પ્રેરણા અને સમર્પણ, યોગદાનની પ્રશંસા કરતા ડો. ત્રિવેદીએ આ ઉમદા સેવાને પ્રોત્સાહન આપવા અને માનવજાતની સેવા માટે અન્ય લોકોને પણ તેમના અંગોનું દાન કરવા પ્રોત્સાહિત કરવા જણાવ્યુ હતું.

આ તકે મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત અગ્રણી ધારાશાસ્ત્રી કિરીટભાઈ સંઘવી, સાહિત્યકાર અમુદાનભાઇ ગઢવી, સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ શ્રી મનસુખભાઈ વાજા, જુનાગઢનાં ગિરીશભાઈ મશરૂ, અગ્રણી ભીખાભાઈ જોશી, પી ડી. ગઢવી, અશોકભાઈ ભટ્ટ , ગીતાબેન મહેતા, ડો. સી.એલ.વ્યાસ, એડવોકેટ કમલેશભાઈ પી.પંડ્યા,સલીમ ગુજરાતી,સહિત જુનાગઢના ગણમાન્ય અગ્રણી, સેવારથી કાર્યકર્તાઓ, તબીબો, જિલ્લા ઓર્ગન ડોનેશન સમિતિનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અધિકારી ગાયત્રીબેને કર્યુ હતું,

# સોમનાથમાં ત્રિવેણી સંગમ ખાતે ગંગાદશેરા પર ગંગા અવતરણ પૂજા અને મહાઆરતી કરાઈ

■ **જિલ્લા કલેક્ટર શ્રી ડી.ડી.જાડેજા ટ્રસ્ટના ટ્રસ્ટી જે. ડી પરમાર સહિતના મહાનુભાવોએ શિવજીની વિધિવત પૂજા કરી અભિષેક કર્યો**


અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૭ઃ ગંગા દશેરાના પવિત્ર અવસર પર ગંગા દશેરાની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. ત્રિવેણી સંગમ ખાતે ગંગામાતાની અવતરણ પૂજા કરવામાં આવી હતી. ટ્રસ્ટી જે. ડી પરમાર સાહેબે ગંગા દશેરાના શાસ્ત્રોક્ત મહાત્મ્ય અંગે જણાવ્યું હતું કે ‘‘જે રીતે બ્રહ્માજીના કમંડળમાંથી સ્વર્ગલોક થઈને શિવજીની જટાઓમાં પસાર થઈ ગંગામાતા પૃથ્વી પર અવતારિત થયા હતા. ગંગા માતાને ગંગાસાગર સુધી પહોંચતા જેઠ સુદ એકમ થી દશમ એમ કુલ ૧૦ અહર એટલેકે ૧૦ દિવસ લાગ્યા હતા જેના માટે આપણે ગંગા દશેરા ઉજવીએ છીએ‘‘

સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમાર, ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર ડી.ડી.જાડેજા, વેરાવળ સોમનાથ નગરપાલિકા પ્રમુખ પલ્લવીબેન જાની, સહિતના મહાનુભવો તેમજ સામાજિક અગ્રણીઓ દ્વારા શિવજીની પ્રતિમાની તેમજ ત્રિવેણી માતાની શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે પૂજા કરવામાં આવી હતી. તેની સાથે સ્થાનિક તીર્થ પુરોહિત શ્રી સોમપુરા બ્રહ્મ સમાજ, શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર, તેમજ મોટી સંખ્યામાં સ્થાનિકો તેમજ જડાયા હતા. સંધ્યાકાળે ત્રિવેણી માતાની મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

મહાઆરતી પછી તમામ ભકતોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ગંગાજલથી મહાદેવનો અભિષેક કરનાર બાળાઓને ટ્રસ્ટ તરફથી પુરસ્કાર અને પ્રસાદ આપીને વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં તીર્થપુરોહિત સોમપુરા બ્રહ્મ સમાજ, સ્થાનિક ભક્તો, અને સ્થાનિક ભક્તો,આ ધાર્મિક આયોજનમાં બહોળી સંખ્યામાં જોડાયા હતા. ટ્રસ્ટના ઈનચાર્જ જનરલ મેનેજર શ્રી પરેશભાઈ ચાવડા અને સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન સંપન્ન કરવામાં આવ્યું હતું.

## રાજકોટ ડિવિઝનથી પસાર થનારી વધુ ત્રણ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

રાજકોટ, તા. ૧૭ઃ પશ્ચિમ રેલવેના આણંદ-ગોધરા સેક્શનમાં ડબલિંગ કામ અને દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના બિલાસપુર ડિવિઝનમાં એન્જિનિયરિંગના કામ માટે બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોકને કારણે પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થનારી ત્રણ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. જેને લઈને ત્રણેય ટ્રેનનાં મુસાફરોએ મુશ્કેલીનો સામનો કરવો પડશે. વેરાવળ સ્ટેશનથી ૧૯.૦૬.૨૦૨૪ અને ૨૬.૦૬.૨૦૨૪ ના રોજ ચાલવા વાળી વેરાવળ-ઈન્દોર મહામના એક્સપ્રેસ ટ્રેન (૧૯૩૧૯) તેના નિર્ધારિત રૂટ ગેરતપુર-આણંદ જં.-ડાકોર-ગોધરા જં. ના બદલે બદલાયેલા રૂટ ગેરતપુર-આણંદ જં.-બાજવા-છાયાપુરી-ગોધરા જં. થઈને ચાલશે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# સિવિલ હોસ્પિટલમાં બે જૂથ વચ્ચે અથડામણ મામલે ૮ શખસો સામે ફરિયાદ

રાજકોટ, તા. ૧૭ઃ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હોવાની ઘટના સામે આવી હતી. જેમાં ૩ જેટલા લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. આ સમગ્ર મામલે રીક્ષાચાલક વીરમભાઈ ગોલતરે પ્રદ્યુમ્નનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં આરોપી તરીકે રણછોડભાઈ, સરૈયા, ગભરૂભાઈ સરૈયા, ભોટાભાઈ સરૈયા, વાલાભાઈ સરૈયા, વિજયભાઈ સરૈયા, દિનેશભાઈ સરૈયા, નિલેશ ખડા તેમજ કિશન મૂંધવાનાં નામ આપ્યા હતા અને આ અંગે જણાવ્યું હતુ કે, માલિયાસણ ગામે માટી નાખવા મુદ્દે થયેલા ઝઘડામાં તેમનાં ભાઈ નવઘણભાઈને ઈજા થતાં પોતે સિવિલમાં તેની ખબર કાઢવા



ગયા હતા. ત્યારે તમામ આરોપીઓએ માટી નાખવાના રૂપિયા માંગી અને લોખંડનાં પાઈપ સહિતનાં હથિયારો વડે હુમલો કર્યો હતો. જેમાં પોતાના સહિત ૩ લોકોને ઈજા થયા બાદ આરોપીઓ નાસી છૂટ્યા હતા. હાલ આ ફરિયાદ પરથી ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી

■ **ગિરનારી ગ્રુપની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવતા જૂનાગઢના મેડિકલ કોલેજ અને હોસ્પિટલના તબીબી અધિક્ષકશ્રીઓ**




જૂનાગઢ, તા. ૧૭ઃ જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તારીખ ૧૪ જુન એટલે વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી ગિરનારી ગ્રુપ દ્વારા કરવામાં આવેલ હતી. જેમાં જૂનાગઢની જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની બ્લડ બેન્ક તથા ખાનગી બ્લડ બેન્કમાં ગિરનારી ગ્રુપના સભ્યો દ્વારા રક્ત દાતાશ્રીઓને મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ હતી.જ્યારે જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના બ્લડ બેન્ક વિભાગમાં રક્તદાતાઓનો તથા રક્તદાન કેમ્પ આયોજકશ્રીકોનો સન્માન સમારોહ યોજવામાં આવેલ હતો. જેમાં ગિરનારી ગ્રુપની સેવાને બિરદાવીને જુનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજના તબીબી તજજ્ઞશ્રીઓ દ્વારા સ્મૃતિચિન્હ અર્પણ કરવામાં આવેલ હતું. આ ભગીરથ સેવામાં ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓ શ્રી સમીરભાઈ ઉનડકટ,પ્રયાગભાઈ યાદવ, દિનેશભાઈ રામાણી,બીપીનભાઈ ઠકરાર, સહિતના લોકોએ પોતાની સેવા આપી હતી.

# ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ રાજકોટના કર્મચારીઓને લઘુત્તમ વેતન અપાવ્યું

રાજકોટ, તા. ૧૭ઃ અગ્નિકાંડના પીડિતોને ન્યાય અપાવવા છેલ્લા ૧૭ દિવસથી સતત રાજકોટ રહીને સંઘર્ષ કરી રહેલા વડગામના ધારાસભ્યશ્રી અને કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશ મેવાણી જામનગર રોડ પરના સરકારી પથિકાશ્રમમાં રોકાયેલા છે. તેઓએ અહીંયા પોતાના રોકાણ દરમિયાન રિસેપ્શન ઉપર કામ કરતાં યુવાન કર્મચારીને પૂછ્યું કે કેટલો પગાર તમને આપે છે? જવાબ મળ્યો કે ૮ હજાર ! તુરંત જ જીજ્ઞેશ મેવાણીએ કલેક્ટરશ્રી અને રાજ્યસરકારના શ્રમ રોજગાર વિભાગના સચિવ અંજુ શર્માને ફોન કરીને જાણ કરી કે ગયા વર્ષે થયેલા વેતન સુધારા મુજબ સર્કિટ હાઉસના કર્મચારીઓનું લઘુતમ ધારા પ્રમાણે વેતન ૧૨ હજારથી



ઓછું હોઈ શકે નહીં, આ તો નર્યું શોષણ છે. વધુમા કે આ કર્મચારીઓને પગાર સ્લીપ પણ અપાતી નથી અને પી.એફ. પણ કપાતુ નથી. બીજા દિવસે, ધારાસભ્ય સીધા કલેક્ટર પાસે પહોંચી ગયા અને મુદ્દાસર તેઓએ રજૂઆત કરી કે પથિકાશ્રમના સફાઈ કર્મચારી બહેનો અને તમામ સ્ટાફને સરકારે નિર્ધારિત કરેલા લઘુતમ વેતન કરતા દર મહિને ૪ હજાર રૂપિયા ઓછા આપી દરેક કર્મચારીને વર્ષે ૫૦ હજારનું નુકશાન પહોંચાડી એમની મહેનતના રૂપિયા કોન્ટ્રાક્ટર ખવાય જાય છે.

આ રજૂઆતોને પગલે શ્રમ અને રોજગાર વિભાગ અને રાજકોટ કલેક્ટર તંત્ર હરકતમાં આવતાં પથિકાશ્રમની મુલાકાતે આસિસ્ટન્ટ કમિશનર ઓફ લેબર અને શ્રમ અધિકારીને દોડાવ્યા હતા, જેઓને સ્થળ મુલાકાત દરમિયાન જાણવા મળેલ કે ખરેખર અહીંના કર્મચારીઓને નિયમાનુસાર વેતન ચૂકવવામાં આવતું નથી. આખરે ધારાસભ્યશ્રીની આ રજૂઆત બાદ કોન્ટ્રાક્ટરને સૂચના આપી દેવામાં આવેલ છે કે દરેકને મહિને લઘુતમ વેતન પ્રમાણે પગાર ચૂકવવો જેને પગલે આ કર્મચારીઓનો પગાર ૮ હજારથી વધીને ૧૨ હજાર ૭૦૦ રૂપિયા કરી દેવામાં આવતા તેઓ આનંદની લાગણી અનુભવી હતી.

# વેરાવળમાં ફાયર સેફટીનું પાલનના કરનાર મીઠાઈ, નોવેલ્ટી અને સ્પીરીટના ગોડાઉનને સીલ કરાયા



વેરાવળ, તા. ૧૭ઃ ગોરખનાથ કોમ્પલેક્ષમાં તપાસ કરતા એક નોવેલ્ટી અને બીજા સ્પીરીટના ગોડાઉનમાં કોઈપણ જાતની ફાયર સેફટીની સુવિધા કે મંજુરી ના હોવાનું ધ્યાને આવ્યુ હતુ. આ બંન્ને મિલ્કતો ભરચક વિસ્તારમાં આવેલ હોય અને નોટીસ આપી હોવા છતાં ફાયર સુવિધા ઉભી કરવામાં બેદરકારી દાખવવા બદલ બંન્ને મિલ્કતો સીલ કરવામાં આવી હતી. વધુમાં પટેલવાડામાં સાંકળી શેરીમાં ચાલતા જલારામ ડેરીના કારખાનામાં તપાસ કરતા ત્યાં ફરસાણ અને મીઠાઈ બનતી હોવા છતાં નિયમોનુસાર ફાયર સેફટીની સુવિધા ન હોય અને જોખમી પરિસ્થિતિને ધ્યાને લઈ આ મિલ્કત પણ સીલ કરવામાં આવી હતી. ત્યારે આગની ઘટનાઓથી બચવા માટે વેપારી મિત્રો પોતાનો માલ બનાવવા અને ગેસના સિલેન્ડર ઉપયોગની કામગીરી રહેણાંક અને ભીડભાળ વાળા વિસ્તારમાંથી ખસેડી દુર લઈ જાય તે જરૂરી છે.

આવા સ્થળોએ માત્ર માલનું વેંચાણ કેન્દ્ર રાખે તો તેની સામે કોઈ વાંધો ન હોઈ શકે ત્યારે આ બાબતને વેપારીઓ ગંભીરતાથી લઈ કામગીરી કરે તેવી ચીફ ઓફીસરએ અપીલ કરી હતી.

# કામના કસબી કસવાળા અને સંવેદનશીલ સોલંકીની જહેમત લાવી રંગ

## ■ સાવરકુંડલા, રાજુલા જાફરાબાદ પરિવહન વિકાસ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાવરકુંડલાથી રાજુલા સુધી ફોરર્ટ્રેક રોડ માટે ૨૨૫ કરોડની મંજૂરી







સાવરકુંડલા, તા. ૧૭: રાજકીય નેતાઓ નામના નહિ પણ કામના કારગત નીવડે ત્યારે જ વિકાસનો પર્યાય શક્ય બને છે ને હંમેશા હોદ્દા માટે નહિ પણ ગ્રામીણ ગામડા સાથે શહેરની સુખાકારી અને ગામનો વિકાસનું લક્ષ લઈને રાજકારણ કરતા બે બે ધારાસભ્યોની આગવી કોઠાસૂઝને કારણે સાવરકુંડલાથી જાફરાબાદ વિસ્તારના પરિવહનની સગવડતા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૨૫ કરોડની ફાળવણી થતા રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઇ સોલંકી અને સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઇ કસવાળાની જહેમત રંગ લાવી છે. સાવરકુંડલાથી છેક જાફરાબાદ સુધીના માર્ગો પર તૌબા પોકારી ઉઠે તે પ્રકારના સ્ટેટ હાઈવેના માર્ગોથી વાહનચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા હતા ત્યારે પ્રજાના પ્રતિનિધિ બનીને લોકોની સુખાકારી અને સગવડતાઓ સરકારશ્રી માંથી મળી રહે તેવા ઉમદા હેતુને સાર્થક કરવા હંમેશા કમર કસતા રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઇ સોલંકી અને સાવરકુંડલા લીલિયા બેઠકના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા સાવરકુંડલાથી છેક જાફરાબાદ સુધીમાં બાઢડા, થોરડી, રાજુલા સુધી ફોરર્ટ્રેક માર્ગની માંગણી પર રાજ્યની સંવેદનશીલ સરકારના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરીની મહોર મારી ને ૨૨૫ કરોડ જેવી માતબર રકમની સૈધાંતિક મંજૂરી મેળવતા બન્ને વિધાનસભા બેઠકના લોકોમાં ખુશીઓ જોવા મળી રહી છે જ્યારે સૌથી વિકસિત ગણાતા પીપાવાવ પોર્ટથી વાયા અમરેલી થઈને ગાંધીનગર સુધી ફોરર્ટ્રેક રોડ બને તે માટે બન્ને ધારાસભ્યોએ વિધાનસભાના ફ્લોર પરથી પણ માંગણી કરી છે ત્યારે નામના નહિ પણ કામના કહેવાતા કસવાળા સંગાથે કોહિનૂર હીરાની માફક હંમેશા ચમકતા હીરાભાઇ સોલંકીની દીર્ઘ દર્ષ્ટીને આભારી હોવાનું આ સ્ટેટ હાઈવેના ખેડૂતો કહી રહ્યા છે તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હીરપરા એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ખાંભા મધ્યસ્થ સહકારી બેન્કના મેનેજર વી.બી.ખુમાણે માનવતાનું ઉતમ ઉદાહરણ પુરુ પાડયું



ખાંભા શહેરમા આવેલ અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કમાં ગઈકાલે તાતણીયા ગામના વિક્રમભાઇ ભમર નામના ખેડૂત જેઓ મંડળીની રકમ ઉપાડવા માટે આવ્યાં હતાં. ત્યારે આ ખેડૂત પોતાની રકમ ભૂલી ગયા હતાં. ત્યારબાદ સ્ટાફે બેન્ક મેનેજરને જાણ કરાઇ હતી. જે બાદ બેન્ક મેનેજર દ્વારા મોડી રાત સુધી કેશ મેળવણું કરી ખાતરી કરી આજે સવારે તાતણીયા ગામના ખેડૂતને તેમની ૫૦ હજારની રકમ બેન્કમાં ભુલી ગયેલ હોય તે રકમને મેનેજર દ્વારા ખેડૂતને પરત આપવામાં આવી હતી. અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક ખાંભા શાખાના સ્ટાફે પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ તકે ખેડૂત વિક્રમભાઈ ભુરાભાઇ ભમ્મર દ્વારા બેન્ક સ્ટાફ તેમજ મેનેજર વી.બી.ખુમાણનો આભાર માન્યો હતો.

# શિયાળબેટમાં ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવતા પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર




રીપોર્ટરઃ ધર્મેશ મહેતા-રાજુલા

જાફરાબાદ, તા. ૧૭: જાફરાબાદ તાલુકાના દરીયાઇ ટાપુ વચ્ચે શિયાળબેટ ગામ આવેલુ છે. આ શિયાળબેટ ગામમા બોટ મારફતે દરીયાઇ માર્ગથી પ્રવેશ મેળવી શકાય છે. શિયાળબેટ ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ સંત ચૈલીયા ગ્રુપ દ્વારા ડે-ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામા આવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ખાસ પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઇ ડેર ઉપસ્થિત રહીને ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. અને ગ્રામજનો દ્વારા અંબરીષ ડેરનુ ભવ્ય સ્વાગત કરાયુ હતું. ત્યારબાદ અંબરીષ ડેર ખુદ ક્રિકેટ રમતા જોવા મળ્યા હતા. આ ઉદ્ઘાટન બાદ રામજીમંદિર ખાતે અંબરીષ ડેર દ્વારા શિયાળબેટ ગામના પડતર પ્રશ્નો બાબતે ગ્રામજનો તથા આગેવાનો સાથે ચર્ચા વિચારણાઓ કરવામા આવી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર, જીવરાજભાઈ ગુજરીયા, ચીથરભાઇ બાળધીયા, ભગવાનભાઇ બાળધીયા, સવાભાઇ શીયાળ, શંકરભાઇ શિયાળ, નાનજીભાઇ શિયાળ સહિત મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. આ મુલાકાત દરમિયાન અંબરીષ ડેરે ગ્રામજનોની લાગણી અને સ્નેહ બદલ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.




# રાજકોટમાં ફોર વ્હીલરના નંબરો માટે RTOને થઈ કરોડોની આવક






રાજકોટ, તા.૧૭: રાજકોટમાં આર.ટી.ઓ. દ્વારા ફોર વ્હીલરની નવી સિરિઝ બહાર પાડવામાં આવી હતી. જેમાં વાહનોમાં નંબરના શોખીનોએ લાખોની કિંમતે પોતાના મનપસંદગીના નંબરો ખરીદ્યા હતા. રાજકોટવાસીઓએ લાખો રૂપિયાની બોલી લગાવી છે જેમાં ફોર વ્હીલરની નવી સિરિઝમાં સૌથી વધુ રકમની બોલી જીજે૦૩એનપી ૦૦૦૯ નંબર માટે લાગી હતી જેની કિંમત ૩૫,૩૫૦૦૦ છે. આમ ફોર વ્હીલરની નવી સિરિઝમાં રાજકોટ આર.ટી.ઓ.ને કરોડોની અધધ આવક થશે.

ફોર વ્હીલરમાં પસંદગીના નંબર મેળવનાર પુષ્પરાજસિંહ જાડેજાએ જીજે૦૩એનપી ૦૦૦૭નો નંબર લીધો છે. આમ અનેક લોકોએ પોતાની ગાડીમાં અધધ કિંમત ચૂકવી પસંદગીના નંબર લીધા છે.

# રૈયા ચોકડી પાસેના મારામારીના વાયરલ થયેલ વિડીયો અંગેના આરોપીઓને પકડી પાડતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ, તા. ૧૭: સોશ્યલ મીડીયામાં એક વિડીયો વાયરલ થયેલ જે વિડીયોમાં સ્ત્રી તથા પુરૂષ બન્ને જણા મળી ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ચોકડી પાસે એક સ્ત્રીને મોટર સાઇકલ ઉપર થી નીચે પછાડી તેને ઢીકા પાટુનો મુઢ માર મારી માથાના ભાગે તથા વાસાના ભાગે છરી વડે ઇજા કરી મારામારીનો બનાવ બન્યા અંગેની જાણ થતા તાત્કાલીક અમો તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. તથા ટીમના માણસો બનાવ વાળી જગ્યાએ જઇ બનાવ બાબતે માહીતી મેળવી ઉપરી અધીકારીશ્રીઓને જાણ કરી સદરહું બનાવમાં ઈજા પામનારને શોધી તેની ફરીયાદ લઇ પોલીસ કમિશ્નર શ્રી બ્રીજેશકુમાર ઝા સાહેબ તથા જોઇન્ટ પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી જગદીશ બાંગરવા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ



કમીશ્નર શ્રી રાધિકા ભારાઈ સાહેબ પશ્ચીમ વિભાગ નાઓએ સદરહું બનાવના આરોપીઓને તાત્કાલીક શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી અમો પો.ઈન્સ. બી.ટી. અકબરી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ ઈન્સ. એન.વી.હરિયાણી તથા સર્વેલન્સ સ્કોર્ડના પો.હેડ.કોન્સ મશરીભાઇ ભેટારીયા તથા પો.કોન્સ શકિતસિહ ગોહીલ તથા રોહીતભાઇ કછોટ, એલ.આર. પ્રશાંતભાઈ નાઓને પોતાના અંગત માણસો દ્વારા વિડીયોમાં દેખાયેલ આરોપીઓની ઓળખ મેળવી તપાસ તજવીજ કરતા નીચે જણાવેલ આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**આરોપીઓના નામ**

(૧) ઘનશ્યામ ઉર્ફે રાહુલ નટુભાઇ પરમાર ઉ.વ.૨૨ ધંધો. રીક્ષા મજુરીકામ રહે. સોમનાથ સોસાયટી, શેરી નં.૦૪,રૈયા ચોકડી પાસે રાજકોટ મુળ રહે.રાણીમા રૂડીમા ચોક, રૈયાધાર દરગાહની સામે ની શેરી ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ.

(૨) ખુશ્બુ દિનેશકુમાર સીંધ ઉ.વ.૩૨ રહે. કિસ્મતનગર સોસાયટી શેરી નં.૦૪,નાગરીક બેંક પાછળ રાજકોટ મુળ રહે.એફ-૯૨, ઇસ્ટ જવાહરનગર, લોની, દેહાત ગાંજીયાબાદ રાજય. ઉત્તર પ્રદેશ.

આરોપી ઘનશ્યામ ઉર્ફે રાહુલ નટુભાઇ પરમાર ગુહાહીત ઇતીહાસ ધરાવે છે.

# કેન્દ્રીય મંત્રી શ્રી નિમુબેન બાંભણીયા મહામંડલેશ્વર શ્રી નિર્મળાબાના દર્શને



ભાવનગર, તા. ૧૭: આજરોજ પાળિયાદ પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામા ભાવનગર-બોટાદ લોકસભાના સાંસદ તેમજ ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી નિમુબેન બાંભણીયા ઠાકર શ્રી વિહળાનાથના તેમજ ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબાના દર્શને આવેલ પૂજ્ય બા અને પૂજ્ય ભયલુબાપુ દ્વારા નવનિયુક્ત કેન્દ્રીય મંત્રી શ્રી નિમુબેન નું સન્માન કરવામાં આવ્યું ત્યારબાદ ભાજપ પરિવાર વતી શ્રી નીમુબેન ના સન્માન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા, પૂજ્ય શ્રી ભયલુબાપુ ની પ્રેરક ઉપસ્થિતી રહી હતી આ પ્રસંગે બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મયૂરભાઈ પટેલ, બોટાદ ભાજપ મહામંત્રી શ્રી જામસંગભાઈ, બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી જેઠીબેન પરમાર, બોટાદ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી મંજુબેન બારૈયા, બોટાદ ચેરમેન શ્રી મનહરભાઈ માતરિયા, રાણપુર ફાળભ ચેરમેન શ્રી કિશોરભાઈ ધાધલ અને સૌ ભાજપ પક્ષના હોદેદારો અને કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામા હજાર રહ્યા હતા અને ભાજપ પરિવાર બોટાદ વતી શ્રી નિમુબેનનું સૌએ સન્માન કર્યું હતું.

# રતનપરમાં ખાનગી કોલેજના આફ્રિકન વિદ્યાર્થીઓ દ્વારા ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ

## દારૂ, ગાંજો અને ચરસનું બેફામ વેંચાણ અને દેહવ્યાપાર જેવી પ્રવૃતિઓથી ગ્રામજનો પરેશાન

રાજકોટ, તા. ૧૭ઃ રતનપર સરપંચના જણાવ્યા મુજબ રતનપરમાં આવેલી નવી સોસાયટી વિસ્તારમાં ઘણા સમયથી નજીકની ખાનગી કોલેજમાં અભ્યાસ કરતા આફ્રીકન વિદ્યાર્થીઓ ભાડે મકાન રાખી અહી વસવાટ કરે છે. તેમના દ્વારા ત્રાસદાયક કૃત્યો કરે છે જેમ કે,

૧. ટૂંકા કપડા પહેરી સોસાયટીમાં ફરવું

૨. બહાર થી દારૂ અને નશાના અન્ય પદાર્થો જેમ કે દારૂ, ગાંજો, ચરસ લાવી અહી સેવન કરે છે.

૩. રતનપરવાસીઓ સાથે નશા ધુત્ત હાલતમાં જગડો કરે છે

૪. કોઈ પણ પ્રકારના સરકારી અગ્રીમેન્ટ વગર ભાડે મકાનમાં રહે છે તથા



સરકાર શ્રી ના મોડેલ ટેનન્સી એક્ટ ૨૦૨૧ મુજબ જ્યારે કોઇ વ્યક્તિ વિદેશી લોકો ને મકાન ભાડે આપી છે ત્યારે નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની હોય છે જે એક પણ મકાન માલિકે કરી નથી.

૫. આફ્રીકન ફિમેલ વિદ્યાર્થી અહી રહેણાક વિસ્તારમાં દેહવ્યાપાર જેવી પ્રવૃત્તિઓ કરે છે જે શરમજનક બાબત છે અને રતનપરમાં રહેતા તમામ સમાજ પર ખરાબ અસર પડે છે

આથી અપ સહેબ શ્રી ને એ નમ્ર વિનંતી છે કે વહેલી તકે ઉપરોક્ત દર્શાવેલ વાંધા અંતર્ગત આફ્રીકન વિદ્યાર્થી ઉપર કાયદાકીય પગલાંથી અગ્રીમેંટ વગર વસવાટ કરતા તમામ લોકોને રહેવાની પરવાનગી ન આપી તમને ઘર ખાલી કરવાનું કહેવામાં આવે તથા અન્ય લોકો જે નશા કરે છે તમને પકડી તેમના પર કાનુની કાર્યવાહી કરવામાં આવે તથા ઘણા વિદ્યાર્થી પાસે બાઇક પણ છે જે કાયદેસર છે કે નહી તે તપાસ કરે તો પણ ઘણું બહાર આવે તેમ છે.

# અમરેલીના સુરગપરા ગામે ૫૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડેલી દોઢ વર્ષની બાળકીનું મોત

### ■ ૧૭ કલાક બાદ આખરે આરોહી જીવન સાથેની લડાઇ હારી ગઇ



રીપોર્ટરઃ ધર્મેશ મહેતા-રાજુલા



અમરેલી, તા. ૧૭ઃ અમરેલી તાલુકાના સુરગપરા ગામે વાડી વિસ્તારમાં ભનુભાઇ ભીખાભાઇ કાકડીયાની વાડીમાં પરપ્રાંતીય મજૂર કરણભાઇ આંમલિયા વાડી ભાગયું રાખીને પત્ની અને પુત્રી સાથે રહેતા હતાં. વાવણીનો સમય હોવાના કારણે તેઓ કપાસનું વાવેતર કરી રહ્યા હતા તે સમયે પોતાની દોઢ વર્ષની પુત્રી આરોહી વાડીએ રમતી હતી. ત્યારે કોઇ બાળકે બોરવેલ ઉપર ઢાંકેલો પત્થર હટાવી દીધી બાદ દોઢ વર્ષની બાળકી આરોહી બપોરના અરસામાં રમતા રમતા ૫૦ ફૂટ ઊંડા બોરવેલમાં પડી ગઇ હતી. અને બાળકીની ચિસો સંભળાતા માતા પિતા દોડી આવ્યા હતાં. અને વાડી માલિક ભનુભાઇને વાત કરતા તુરતજ ૧૦૮ ની ટીમ તેમજ અમરેલી ફાયર વિભાગ ટીમ ઘટના સ્થળે પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સૌપ્રથમ બાળકીને પુરતા પ્રમાણમાં ઓક્સિજન મળી રહે તેના માટે ઓક્સિજન પાઇપ ઉતારવામાં આવી હતી. ત્યારબાદ આધુનિક કેમેરાની મદદથી બાળકીના દરેક હલન-ચલન ઉપર નજર રાખવામાં આવી હતી. ત્યારે આ ઘટના પગલે જીલ્લા કલેકટર અજય દહિયા, પ્રાંત અધિકારી તથા મામલતદાર તેમજ નાયબ ઉપમુખ્ય દંડક કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરિયા, લાઠી ધારાસભ્ય જનક તલાવિયા દોડી આવ્યા હતાં. અને બાળકી સલામત રીતે બહાર આવે તેવી પ્રાર્થના કરી હતી. સાથોસાથ રાજુલાથી પણ એક રોબોટ ટીમ બોલાવી હતી. રોબોટની મદદથી બાળકીને બહાર કાઢવાની તમામ કોશિશ નિષ્ફળ થતી જણાય હતી. બપોરે બાળકીની મુમેન્ટ બંધ થતી જણાતા તંત્ર પણ ચિંતામાં મુકાય ગયું હતું. અંતે સાંજે વડોદરાથી એન.ડી.આર.એફની ટીમ બોલાવી હતી. એન.ડી.આર.એફની ટીમ સ્થળ ઉપર પહોંચી આરોહીને બચાવે માટે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ત્યારે ૧૭ કલાક સુધી આરોહીને બોરવેલમાંથી બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલ્યું હતુ. જ્યારે મહામહેનત બાદ આશરે સવારે ૫ વાગ્યા આસપાસ આખરે બાળકી આરોહીને બહાર કાઢવામાં સફળતા મળી હતી. પરંતુ સ્થળ પરના તબીબ દ્વારા બાળકીને મૃત જાહેર કરવામાં આવી હતી. આખરે જીવન સાથેની લડાઇ બાળકી આરોહી હારી ગઇ હતી. માતા પિતાના હાથમાં આરોહીનો મૃતદેહ આવતા માતા પિતાના હૈયા રુદનથી શોકમય વાતાવરણ પ્રસરી ગયો હતો. આ રેસ્ક્યુ કામગીરીમાં સ્થાનિક તંત્ર, અમરેલી ફાયર વિભાગ ટીમ, એન.ડી.આર.એફ.ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામા આવી હતી.

# મેઘરાજાએ સૌરાષ્ટ્ર ઘમરોળ્યું

# ખંભાળિયામાં ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદ, રસ્તાઓ પાણી પાણી







## રાજ્યમાં સવારે ૬ થી સાંજે ૬ દરમિયાન ૨૦ તાલુકામાં વરસાદઃ પોરબંદરમાં મકાનોમાં પાણી ઘૂસ્યા, લોકોને હાલાકી

રાજયમાં હવામાન વિભાગની આગાહીના પગલે અલગ અલગ વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને આજે મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં મંડાણ કર્યા છે. સવારે પોરબંદરમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ બપોરે બેથી ચાર દરમિયાન દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૬ કલાકમાં જ ૯ ઈંચ વરસાદ ખાબકતા શહેરમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. તો બીજી તરફ પોરબંદરમાં પ્રથમ વરસાદમાં જ પાલિકાના પ્રિમોન્સુ પ્લાનની પોલ ખુલ્લી પડી હતી. પોરબંદરના કેટલાક વિસ્તારોમાં લોકોના ઘરમાં પાણી ઘૂસી જતા લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા.

રાજ્યમાં ચોમાસાના વિધિવત પ્રારંભ બાદ ધીમેધીમે હવે વરસાદી માહોલ જામી રહ્યો છે. આજે સવારે ૬ થી સાંજે ૬ દરમિયાન ૧૨ કલાકના ગાળામાં ૨૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ૯ ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે પોરબંદર અઢી ઈંચ, ભાણવડ ૨ ઈંચ,,રાણાવાવ દોઢ ઈંચ અને ગારિયાધારમાં એક ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે અન્ય તાલુકાઓમાં ૨ મિમિથી લઈ ૧૫ મિમિ સુધીનો વરસાદ નોંધાયો છે.

દેવભૂમિ દ્વારકામાં આજે સવારથી જ મેઘરાજાએ મંડાણ કર્યા છે. ભાણવડ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યા બાદ બપોરે ૨ વાગ્યે ખંભાળિયામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ શરૂ થઈ હતી. માત્ર બે કલાકમાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકતા શહેરના રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. તો બીજી તરફ વાવણીલાયક વરસાદ વરસતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે. અસહ્ય બફારા બાદ જૂનાગઢમાં ધીમીધારે વરસાદની એન્ટ્રી થઈ છે. જેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. બપોરના સમયે જૂનાગઢ શહેરના કાળવા ચોક, મધુરમ, ટીંબાવાડી, મોતીબાગ, સાબલપુર ચોકડી, દોલતપરા જોશીપરા તેમજ અન્ય વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. સિઝનના પહેલા વરસાદની શરૂઆત થઈ ચૂકી છે. જેથી ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી રહી છે.

પોરબંદરમાં મેઘરાજાનું આગમન થયું છે. શનિવારે રાત્રિના જોરદાર વરસાદી ઝાપટું પડ્યા બાદ આજે રવિવારે વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેથી રસ્તા પર પાણી ફરી વળ્યાં હતાં. વરસાદ પડતા લોકોને ગરમીથી રાહત મળી હતી. ધોધમાર વરસાદથી માર્ગો પર પાણી ફરી વળ્યાં હતાં. તેમજ અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. તો રાણાવાવ તાલુકામાં પણ વરસાદ પડ્યો હતો. ભોદ ગામે ખેતરોમાં પાણી ભરાયાં હતાં. કુતિયાણા તાલુકામાં માત્ર વરસાદી ઝાપટાં પડ્યાં હતાં.


પોરબંદર શહેરમાં માત્ર પોણા ત્રણ ઈંચ વરસાદમાં અનેક વિસ્તારમા વરસાદી પાણી ભરાયા હતા. શહેરના વિરડી પ્લોટ, કુંભારવાડા સહિતના નીચાણવાળા વિસ્તારમાં ઘરમાં પાણી ઘૂસ્યા હતા. જેને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પોરબંદર શહેરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. સવારના ત્રણ કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો. જેને પગલે એમજીરોડ, છાયાચોકી રોડ સહિતના મુખ્ય રસ્તા પર તો પાણી ભરાયા હતા. શહેરના નીચાણવાળા વિસ્તારમાં ઘરમાં પાણી ભરાતા સ્થાનિક લોકોની મુશ્કેલીમાં વધારો થયો હતો. વિરડી પ્લોટ અને કુંભારવાડા જેવા નિચાણવાળ વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ નહીં થતા આ વિસ્તારના અનેક મકાનોમાં પાણી ઘૂસી જતાં લોકોની ઘરવખરીને પણ નુકસાન

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા


**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062